

# અધ્યાત્મ

વર્ષ : ૧૩ જૂન–૧૯૯૨ અંક : ૯

## * પ્રેમનો મહિમા *

જો તું કહે, 'હું અનુભવ કરી ચૂક્યો,' તો તું અનુભવને સમજતો નથી; ને જો કહે, 'હું જાણી ચૂક્યો,' તો તું જાણતો નથી; જ્ઞાનનો મહિમા એવો ગહન છે.

જો તું કહે, 'હું પ્રેમના પ્યાલાને અધરે લગાવીને હમેશાં મસ્ત છું,' તો સમજ કે તું મસ્ત નથી; ને જો કહે, 'પ્રેમના પુનિત પ્રભાવથી કૃતકૃત્ય છું,' તો માન કે તું પૂરો કૃતકૃત્ય નથી.

ભલા, પ્રેમના મહિમાને હું શું જાણું? ન જાણે કેટકેટલાં 'હું' એ ગહન દરિયાનું માપ લેવા ગયાં ને એમાં જ ગળી ગયાં! મારા શુદ્ધ, સાત્ત્વિક ને એથી જ નજીવા 'હું'નો ત્યાં શો હિસાબ? આ તો એક એવી જ્યોત્સ્ના છે, જે પોતાના ચંદ્ર સાથે એકાકાર થઇ ગઇ છે; એવી ઉષા છે, જે પ્રતીચિના હૃદયની સંપૂર્ણ સુરતા સાથે સુશોભિત થઇ છે; એવી બંસરી છે, જે જડ ને ચેતનાનો ભેદભાવ ભૂલીને અધરના આસ્વાદમાં જ એક થઇ છે! કહે ભલા; એ ગુણગાન શેં ગાય, ને મહિમાની અભિવ્યક્તિયે એનાથી શેં થાય? ને એ જ ઠીક છે, કેમ કે જેમણે જાણ્યું છે, તેમના હોઠ બંધ થઇ ગયા છે; ને પ્રેમનું પરમપીયૂષ જેમણે પીધું છે, તે સદાને સારુ સૂધબૂધ ભૂલી ગયા છે. તે જ તેનો મહિમા બની ગયા છે.

મારી પાસે આવીને પણ જો તારે પ્રેમનો મહિમા પૂછવાનો હોય, તો એમ જ સમજ કે મારામાં પ્રેમની મણા છે, અથવા તો હે પ્યારા જિજ્ઞાસુ! તારામાં એની સ્પૃહા ઓછી છે!

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા.૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા.૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૪ |
| કબીર–સુધા | પરમાર્થી | ૧૧ |
| એ યોગેશ્વર જાણ | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૧૯ |
| હરિદ્વારનો સત્સંગ | નારાયણભાઇ હ. જાની | ૨૧ |
| રાજીવનો પત્ર | રાજીવ | ૩૧ |
| સંતના સમાગમ અને સત્સંગમાંથી શું મળ્યું? | સંજય પંડયા | ૩૬ |
| દશરથ યાત્રા–(૨) | ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) | ૪૦ |
| હરિદ્વારનો સત્સંગ–(૩) | પૂર્ણિમા | ૪૪ |
| મહાત્મા શ્રી યોગેશ્વરજીના મસૂરી સ્મારકનું નવનિર્માણ | રાજેન્દ્ર જાની | ૫૨ |
| હું રાધા | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૫૫ |
| નામસ્મરણ | કમલ સુથાર | ૫૬ |
| પુરાણી પ્રીત | દુર્લભજી ભક્ત (સ્યાદલા) | ૫૮ |
| રામકથા | યોગેશ્વરજી | ૫૯ |
| સાર વચનો | — | ૬૪ |


## * અનુકરણીય *

'અધ્યાત્મ' માસિકના જૂન, ૧૯૯૨ ના પ્રકાશનનો બધો ખર્ચ, કેનેડાના ટોરેન્ટો શહેરમાં આવેલ મહાત્મા યોગેશ્વર ધ્યાન કેન્દ્ર તરફથી તે કેન્દ્રની સ્થાપનાના દશાબ્દી વર્ષ નિમિત્તે આપવામાં આવેલ છે. તે બદલ ત્યાનાં સહુ સાધક ભાઇ-બહેનોને અભિનંદન ને શુભેચ્છા.

– તંત્રી (અધ્યાત્મ)

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૩ જૂન–૧૯૯૨ અંક : ૯


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૯–૧૨–૮૦, કારતક સુદ બીજ, ૨૦૩૭, મંગળવાર
સ્થળ : નંદુભાઇ ચાવાલા 'પ્રયાગ', નારણપૂરા, અમદાવાદ–૧૩

નિત્ય નિયમ મુજબ પૂ. શ્રી નવ વાગ્યે દૂધ લઇને લેખનકાર્ય કરે છે. બરાબર સાડા અગિયારે પૂ. શ્રીનાં મંગલમય દ્વાર ખુલે છે. આ ઘરની સેવાભાવી વ્યક્તિઓએ અમારા રૂમોની સફાઇ કરી પછી બહારગામના મુલાકાતીઓ પધારે છે. આજે પાલનપુરમાં પ્રવચનોની તથા છોટાઉદેપુરની વ્યવસ્થાની વાતો થાય છે. સાડા બાર થતાં આજે ચણા, ભાત, છાશ વગેરેનું ભોજન લે છે. આરામ સાથે ૫–૦૦ સુધી માળા કરે છે. પાંચ પછી રૂમમાં આંટા મારતાં હિન્દી પુસ્તક પર નજર નાંખે છે. ૫–૩૦ ફરી મુલાકાતીઓ માટે દ્વાર ઊઘડે છે.



મુલાકાતીઓમાં આજે એક પરદેશની વ્યક્તિ આવે છે. પરદેશની હવે પછીની યાત્રામાં પૂ. શ્રીની સાથે તે ભાઇ જોડાવા માંગે છે, એ વાત પરથી પરદેશની વાતો ચાલી રહી છે. અમેરિકા, કેનેડા, ઇંગ્લેન્ડ, ઝાંબિયાની વાતો ચાલે છે.

પૂ. શ્રી કહે છે : પરદેશોમાં અંગ્રેજી ખૂબ સરળ બોલાય છે. સાધારણ કવિઓ માટે કહેવાય છે કે વાણીની પાછળ અર્થ ચાલે છે. જ્યારે કવિ કાલિદાસ કહે છે તેમ અસાધારણ કવિઓ માટે અર્થની પાછળ વાણી આપોઆપ નીકળ્યા કરે છે. તો એવું જ કંઇક મારે માટે થયું. ઇંગ્લેન્ડમાં બીજી એક ધ્યાન ખેંચે તેવી વાત એ છે કે ત્યાંનો યુવાનવર્ગ આસન, ધ્યાનમાં ભાગ લે તો તેઓ માંસ, સિગારેટ, દારૂ, વ્યભિચારને છોડવાં જ જોઇએ એમ માને છે. એથી વ્યસન વિનાનો આખો વર્ગ શરૂ થયો છે. વળી ઝાંબિયાના મિ. પોલની વાત ચાલે છે. પરદેશોમાં સાચી ભૂખ જાગે ત્યારે મંત્રો માટે એ બધું જ છોડવા તૈયાર થઇ જાય છે. સ્ત્રીદાક્ષિણ્યની ભાવના અને વ્યક્તિગત ખણખોદમાં ઉતર્યા સિવાય આવનાર માણસ કેટલો ઉપયોગી છે તે જ લોકો જુએ એ ઘણી મોટી વાત ગણાયને. મિ. પોલની સેક્રેટરી તરીકેની છાપની પ્રસંશા કરી. આપણે તેજોદ્વેષ બૂરું જોવાની વૃત્તિથી રંગાયેલા છીએ, જ્યારે પરદેશીઓ વિચારે કે આવનાર સંત કેટલા ઉપયોગી છે. બસ, એટલી જ વાત તેઓ અંગત વાતોમાં ઉતરતા નથી. કેટલા ઉપયોગી છે તે જાણી લાભ લેવાની જ વાત તેઓ વિચારે છે,

મને લાગે છે તે દેશો ભૌતિક પ્રગતિમાં આગળ છે કારણ કે માનવીય ગુણો, પ્રામાણિકતા, નિયમિતતા, વગેરે તેઓમાં વધારે છે એમ હું માનું છું.

૬-૧૫ થતાં સૌ પ્રણામ કરી વિદાય લે છે. સાત વાગ્યે પ્રવચન શરૂ થાય છે. આજે પ્રવચનમાં શ્રદ્ધામાં દૃઢતા-કવિને સાહિત્યમાં, વૈજ્ઞાનિકને શોધમાં તેમ સાધકને ગુરુમાં મંત્રમાં, સાધનામાં શ્રદ્ધા જરૂરી છે. ટાગોર, વિવેકાનંદ, રામતીર્થ, દત્તાત્રેય, સહજાર્જુન, મંગતરામ વગેરેની વાતો કરે છે.

આજે પણ કણકી ને દૂધના ભોજન બાદ આરામ કરે છે.

**તા. ૧૦-૧૨-'૮૦, કારતક સુદ ત્રીજ, ૨૦૩૭, બુધવાર**

**સ્થળ : નારણપૂરા ચાર રસ્તા, અમદાવાદ**

પૂ. શ્રીનું નિયમ પ્રમાણેનું જીવન પ્રેરક છે. સમય પ્રમાણે જ દૂધ પણ લે છે. સમય પ્રમાણે જ લેખનકાર્ય, આરામ, ભોજન, મુલાકાત બધું જ સમયસર થયાં કરે છે. આજે ૧૧-૨૦ દ્વાર ખુલે છે. દરરોજની જેમ આવનાર બેનને 'માળા કરી?'-એ પ્રશ્ન પૂછે છે. પૂ. શ્રીના એ પ્રશ્નનો જવાબ તે બેન ખૂબ જ નિખાલસતાથી આપે છે. આજે સાડા અગિયારથી બારની બેઠકમાં થોડા સારા પ્રશ્નો પૂછાયા જેમાં (૧) ગુરુ શિષ્યનાં પાપ લઈ શકે? જવાબ : ના, એ વાત ખોટી છે. (૨) આપણને કોઈ ગુરુ માને તો તેને મંત્ર આપી શકાય? જવાબ : ના, હજી એવી તમારી યોગ્યતા નથી. તમે જ મંત્રનો આધાર લઈ આગળ વધો. તમે મંત્ર સૂચવી શકો પણ આપી ન શકો. પ્રશ્નોત્તરીનો આ ટૂંક સાર હતો.

ભોજન બાદ આરામ. સાંજે ૫-૩૦ બેઠક શરૂ થાય છે. તે પહેલાં પૂ. શ્રીને પાતળા મળની તકલીફ શરૂ થઈ છે, જેથી દવા મંગાવવામાં આવે છે. આવનાર મુલાકાતીઓને લાગતું નથી કે પૂ. શ્રી થોડા પણ અસ્વસ્થ છે. એટલે પ્રશ્નોત્તરી શરૂ થાય છે. સોમવારે આવનાર શ્રી મણિભાઈ આજે ફરી આવ્યા છે. એમણે



એક લાંબો પત્ર પૂ. શ્રીને આપેલો જેના અનુસંધાનમાં પૂ. શ્રી કહે છે : તમારો પત્ર પહોંચ્યો છે. જુઓ, પહેલી વાત યાદ રાખો. નિરાશ ન થાઓ. ભય પણ ન રાખો. હવે કંઈક પૂછવું છે?

**શ્રી મણિભાઈ :** આ સ્તોત્રપાઠ કરું છું તે ચાલુ રાખું?

**પૂ. શ્રી :** જુઓ સ્તુતિ, સ્તોત્ર એ બધી જુદી જુદી રમતો છે. સાચું તો રડવા માંડો એટલે ઘંટડી વાગશે. બાળક મા માટે રડે તેમ રડશો. ત્યાં લગી આ બધું સ્તોત્ર, સ્તુતિ ગાઓ. શરૂઆત માટે એ સારું છે, પણ હવે બધું ઓછું કરો ને જગદંબાના જ જપ કરો.

**શ્રી મણિભાઈ :** નિરાશા થાય તો તમે જ્યાં હો ત્યાં પત્ર લખું?

**પૂ. શ્રી :** લખજો, પણ રોજ ધ્યાનજપમાં બેસજો. બેઠા પછી મને યાદ કરો. બેઠા બેઠા મનના કાગળો લખો. જરૂર જવાબો મળશે. જુઓ, તમારા જીવનનું સ્રીપાત્ર ખૂબ સારું છે. લાલસા રાખો તો ઠપકો આપે છે. તમે નિરાશ થાઓ તો તે તમને હિંમત આપે છે. ભક્તિમાર્ગે તમારા કરતાં પણ તે ઘણાં આગળ છે. મારી વાત સાચી છે કે નહીં?

**શ્રી મણિભાઈ :** હા.

**એક બેન :** જપ ક્યારે કરવા?

**પૂ. શ્રી :** અત્યારે જ કરોને. રોજ સવારે તો કરો જ. નિયમ રાખો. ઓછામાં ઓછા બે વાર બેસીને કરો. પછી હાલતાં ચાલતાં સ્મરણ કરો તે જુદું. બેસીને જપ કરવાથી મન પણ બેસે છે. ધીરે ધીરે દેહભાન ભૂલી જશો. જે ચાલતાં ચાલતાં ન થઈ શકે.

બેસો તો લાંબે ગાળે સમાધિનો આનંદ પણ મળી શકે છે. અત્યારે ક્યારે બેસો છો?

**બેન :** સવારે ૬ થી ૭ બેસું છું. રાત્રે નથી બેસતી. હરતાં ફરતાં જપ કરું છું.

**પૂ. શ્રી :** ભોજન બે વાર લો છો. હા, તો પછી ઈશ્વરની દુનિયામાં બે વાર ભોજન લો છો તો બે વાર સ્મરણ પણ કરો. ઓછામાં ઓછા એક કલાક તો બેસો જ. કોના જપ કરો છો?

**બેન :** 'કૃષ્ન'ના.

**પૂ. શ્રી :** ક્રષ્ન શબ્દ સાચો નથી. ટુ ક્રશ એટલે છૂંદી નાંખવું. એના ઉપરથી શ્રીક્રષ્ન શરણમ્ મમ્ પણ ખોટું છે. કૃષ્ણઃ બોલો. કૃશ્ એટલે આકર્ષણ કરનાર. શ્રીકૃષ્ણઃ શરણં મમ્, બોલો જોઉં?

**બેન :** શ્રીકૃષ્ણ શરણં મમ.

**પૂ. શ્રી :** 'શ્રીકૃષ્ણ શરણં મમ' પણ ચાલે. 'ૐ શ્રી કૃષ્ણ' પણ ટૂંકો. ફાવે તો તે પણ જપી શકાય.

**શ્રી મણિભાઈ :** નવાણ મંત્રમાં ૐ ન આવે?

**પૂ. શ્રી :** આવે જ. એન્જીન તો લગાડવું જ પડે. એ બધા કરતાં ૐ નમઃ અંબિકાયૈ જપો. એ નવાણ જેવો. તમે બોલો છો તેવો અશુદ્ધ ન બની જાય.

**ડૉ. દાણી :** નિરાકાર ધ્યાનમાં દૃષ્ટિને ક્યાં સ્થિર રાખવી?

**પૂ. શ્રી :** યોગીઓએ લાગણીઓને છંછેડવાની જરૂર નથી. આજ્ઞાચક્રમાં મનને જોડવું. કરોડરજ્જુના કેન્દ્રની સમાંતર એ કેન્દ્ર છે. એમાં મન જોડવાથી આવેશ ઉશ્કેરાટ શમી જાય. ચિંતનની સ્મરણશક્તિ વધે છે, છતાં સાધકની રુચિ મુજબ જ્યાં



અનુકૂળ પડે ત્યાં ધરી શકે. આજ્ઞાચક્રમાં મનને જોડી શ્વાસ-પ્રશ્વાસની પ્રક્રિયામાં શ્વાસને રોકવાનો પ્રયત્ન કરવો. ન રોકાય તો છોડી દેવાનો. કેવલ કુંભક એ પદ્ધતિ ગીતામાં બતાવી છે.

પછી પ્રાણવાયુ શીતળ બને એટલે મન શાંત બને. દેહભાન ચાલ્યું જાય છે. દેહભાન ચાલ્યું જાય તો સાધકને પ્રભુ તરફથી કોરો ચેક મળી ગયો એમ કહેવાય. અવનવા અનુભવો થવા લાગે.

**ડૉ. દાણી :** મને જીવનમાં એક જ વાર દેહભાન ન રહેવાનો અનુભવ એક સંતે કપાળમાં સ્પર્શ કરવાથી થયો હતો.

**પૂ. શ્રી :** હિપ્નોટીસ્ટો સંકલ્પથી, સ્પર્શથી એ બધું કરે છે. એ સંમોહનનો જ એક પ્રકાર છે. આપણે તો નામસ્મરણના સાધનથી જ એ અવસ્થા લાવવી ભલે મોડું થાય પણ એ અવસ્થા જે નામસ્મરણથી આવે તે જીવનવિકાસના એક ભાગરૂપે આવે. તે જીવનમાં ભળી પણ જાય. અત્યારે બધાં ધ્યાનો જે નીકળ્યાં છે તેમાં મોટે ભાગે સંમોહન જ હોય છે. બધાં ઉપર તે સફળ નથી જતાં.

નાચવું, કૂદવું, ગાવું એ ભક્તિમાં આવે પણ યોગની ક્રિયા તો શાંત થવાની છે. જેમાં ધ્યાન અંગેની શાસ્ત્રીય પદ્ધતિઓ વર્ણવવામાં આવી છે, જેમ કે શિવપુરાણ, યોગવાસિષ્ઠ, ગેરણ-સંહિતા—ને જ પ્રમાણભૂત માનવું જરૂરી છે. શરીર, મન, ઇન્દ્રિય બધું શાંતિ તરફ જાય.

નાચવું, કૂદવું, ગાવું—અષ્ટ મહાભાવો ભક્તિમાં આવે તે ઠીક ગણાય, પણ યોગમાં એ લક્ષણો ઠીક ન ગણાય. શુદ્ધ સાધના કરતાં નથી. બધા ભેળસેળીયા બની ગયા છે. અમે તો શુદ્ધિના

ઉપાસક છીએ. સાધનાના શુદ્ધ સ્વરૂપને જ રજૂ કરવું એ અમારું કાર્ય છે. (એમ કહી પોતાના ધ્યાનના કાર્યક્રમમાં એક ભાઈને રડવાનો અનુભવ થતાં પૂ. શ્રીએ જરા પણ પ્રોત્સાહન ન આપ્યું તે વાત થાય છે.)

બીજા પણ થોડા પ્રશ્નો પૂછાયા, પણ ખાસ મહત્ત્વના ન હતા. સમય થતાં સવા છ એ સૌ ભક્તો વિદાય લે છે. પૂ. શ્રી દવા લઈને પ્રવચનમાં આવે છે. આજે પ્રવચનમાં ગુરુ ઉપર શ્રદ્ધાની વાતો ખૂબ સરસ રીતે સમજાવે છે. ગુરુનું શરીર હોય કે ન હોય, પણ તેમની શક્તિ કામ કરે છે તે વાત સમજાવી.

આજનું પ્રવચન સરસ હતું. પ્રવચન બાદ દૂધ વગેરે લઈને આરામ કરે છે. હરિઃ ૐ

( ક્રમશઃ )

**શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર બોરીવલીનું**

## નવું સરનામું

શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર, બોરીવલીનું નવું સરનામું નીચે પ્રમાણે છેઃ–

**શ્રી મધુસૂદન એચ. ભટ્ટ**
'સર્વમંગલ, ૪૦૧, યોગી એવેન્યુ
યોગીનગર, એક્સર રોડ, બોરીવલી (પશ્ચિમ)
મુંબઈ–૪૦૦૦૯૧

શ્રી મધુભાઈ ભટ્ટનો ટેલિફોન નંબર અગાઉ હતો તે જ એટલે ૬૦૧,૩૯૪૫ કાયમ રહેલ છે.



# કબીર–સુધા

પરમાર્થી

એક સત્સંગીએ પૂછ્યું : "તમે પૂ. માની બાવનીને અંતે જે દોહરો લખ્યો છે તે અંગે મારે થોડું સમજવું છે. તમે લખ્યું છે કે–

પરમાર્થી તાપે શ્રમિત આવ્યો તારે દ્વાર,
શીતળ છાંયે માવડી પાજે અમૃત ધાર !

તમે અમૃત દ્વારા શું કહેવા માંગો છો ?"

સત્સંગીના પ્રશ્નથી મને ખૂબ આનંદ થયો. બહુ ઓછા ભાઈ–બહેનો સાંભળેલી વાતને પોતાની બુદ્ધિની સરાણે ચઢાવતા હોય છે. કોઈ કહે તેથી માની લેવાની ટેવ સારી ન ગણાય. બુદ્ધિને સંતોષ થાય તો જ વાત ગ્રહણ કરવાની સાધકની ટેવ ઘણી ઉપયોગી થઈ પડે છે. તો જ કલ્યાણપંથે તેની પ્રગતિ પણ શક્ય બને છે. સાધકને માર્ગદર્શન આપતાં કબીર સાહેબે સ્પષ્ટ કહ્યું છે કે–

જબ લગ માને ન અપની નૈનાં,
તબ લગ માનો ન ગુરુકી બૈનાં !

અર્થાત્ જ્યાં સુધી તમને પોતાને પ્રતીતિ ન થાય ત્યાં સુધી ગુરુની વાણી પણ માનવી નહીં. કબીર સાહેબ એમ નથી કહેવા માંગતા કે હું કહું તે જ તમે કરો ! જો એવો આગ્રહ તેમણે રાખ્યો હોત તો કદાચ તેમનું મૂલ્યાંકન જુદી જ રીતે થયું હોત ! પરંતુ તેઓ તો સાચા સંત હતા. એટલું જ નહીં પણ તેઓ તો

શ્રેષ્ઠ જ્ઞાની હતા. ખરેખરા ભગવત્સ્વરૂપ પણ હતા. તેથી તેમની વાણીમાં વિનમ્રતા ને ઉદારતાનાં દર્શન થાય છે. શ્રીકૃષ્ણે પણ અર્જુનને એવી જ શીખામણ આપી હતી. ગીતાના અઢારમા અધ્યાયમાં અર્જુને કહ્યું કે તમને સાંભળ્યાથી મારો મોહ નષ્ટ થયો છે ત્યારે શ્રીકૃષ્ણે ઉદારતા ને વિશાળતા દાખવતા સ્પષ્ટ કહેલું : યથેચ્છસિ તથા કુરુ। તને યોગ્ય લાગે તેમ તું કર. કોઈ જાતનું દબાણ નહીં કે કોઈ જાતનો દુરાગ્રહ નહીં! જ્ઞાનની સર્વ વાતો તેં સાંભળી અને તે દ્વારા તારો મોહ નષ્ટ થયો હોય તો તું હવે પોતે સ્વતંત્ર છે. તારું હિત શેમાં રહેલું છે તે તું હવે જાણી શકશે. એટલું જ નહીં પણ તું હવે પરિપક્વ અવસ્થામાં છે તેથી તે પ્રમાણે વર્તવા તું સમર્થ છે. આ પ્રમાણે શ્રીકૃષ્ણે અર્જુનને સંપૂર્ણ સ્વતંત્રતાની તક પૂરી પાડી હતી. ભગવત્સ્વરૂપ મહાપુરુષોની એ ખાસિયત કહેવાય. તેથી પ્રશ્ન પૂછનારને માટે મને માન ઉપજ્યું. તેમના પ્રશ્નનો પ્રત્યુત્તર આપું તે પહેલાં મેં મારી ભાવસૃષ્ટિનું દર્શન કરાવવા પ્રયત્ન કર્યો.

શ્રદ્ધાની સરવાણીથી બાવનીની રચના થઈ છે એમ કહું તે પર્યાપ્ત ન ગણાય. મારી શ્રદ્ધાનું કલેવર ઘડનાર પૂજ્ય યોગેશ્વરજીને આ તબક્કે યાદ કરવા જરૂરી છે. મારું અંતર તેમણે ઝંકૃત કર્યું હતું ને મને અનુભૂતિના પ્રદેશમાં પ્રવેશ કરાવ્યો હતો. મારા મનોગતમાં જે સંસ્કારો તેમની સંનિધિમાં દૃઢ થતા ગયા તે જાણે કે બાવનીમાં અભિવ્યક્ત થયા છે એમ કહું તો ચાલે. તેમના સાંનિધ્યમાં મારી ત્રણ માન્યતાઓ વધારે દૃઢ બની : પહેલી, સ્વપુરુષાર્થ વડે જ સાધકે પોતાની ઉન્નતિ સાધવી પડે છે, ગુરુકૃપા તો તેમાં માત્ર મદદરૂપ થઈ શકે; બીજી, અમૃતની



આરાધના સંસારમાં રહીને થઈ શકે છે તેથી સાધકને માટે સંસારનો ત્યાગ અનિવાર્ય નથી અને ત્રીજી, સાદાઈ—સરળતા ને સમત્વના ગુણોથી સાચા સંતની પરખ થઈ શકે છે.

ઈ. સ. ૧૯૭૨—૭૩ માં પૂજ્યશ્રીને પ્રથમ વાર મળ્યો ત્યારે તેઓ એક મહાન સંત છે એવી મારા હૃદય પર છાપ પડી હતી. હું ઘણાં વર્ષોથી કબીર સાહિત્યનો અભ્યાસ કરતો હતો તે કોઈ જાણતું નહોતું. મારા ઘરના એકે માણસને મારા અભ્યાસનો ખ્યાલ નહોતો. છતાં મારી તે ગુપ્ત વાત તેઓ પ્રથમ મુલાકાતમાં જ, અરે! મુલાકાતની પ્રથમ ક્ષણે જ જાણી ગયા હતા. મારે શું કરવું જરૂરી છે તે અંગે પણ તેમણે સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું હતું. ત્યાર પછી તેમણે મારા પર તેમના પોતાના વિચારો લાદી દેવા કદી પણ પ્રયાસ કર્યો નહોતો. એટલું જ નહીં પણ તેથી તેઓ ખૂબ જ ઉદાર ને દયાળુ લાગ્યા હતા. મને સંપૂર્ણ સ્વતંત્રતા બક્ષીને તેમણે મારા સત્યને સંસ્કાર્યું હતું. તેમની સમીપમાં જે હૂંફ મળતી અને દૂર ગયા પછી પણ જે પ્રેમ ને માર્ગદર્શન મળતાં તે ખૂબ જ કલ્યાણકારી લાગતાં. તેમની સંનિધિમાં રહેવાથી સાચા સંત કોને કહેવાય તેનો મને બરાબર ખ્યાલ આવી ગયો હતો. એકવાર મારું મન ભારે મૂંઝવણમાં હતું. અંતરમાં અતિશય અકળામણ હતી; ઊંઘ પણ હરામ થઈ ગઈ હતી; શરીર માંદગીને બિછાને મોતના જડબામાં ખેંચાઈ રહ્યું હતું ત્યારે તેમણે સહજ રીતે મારી પરિસ્થિતિ પામી જઈ મને જે મધુર પીણાં પીવડાવ્યાં છે તે આ જીવ કેવી રીતે ભૂલી શકે? આશ્ચર્યની વાત તો એ છે કે ત્યારે તેઓ પણ માંદગીને બિછાને જ હતા. ચારૂલ ફ્લેટમાં આરામ લઈ રહ્યા હતા. એક તરફ હૃદયના હૂમલાથી તેમનું શરીર સાવ

અશક્ત બની ગયું હતું ને બીજી તરફ તેમને વાઢિયાનું દર્દ હેરાન કરતું હતું. તેની કારમી વેદના ને અગન અસહ્ય હતી. છતાં સર્વ દુઃખો પોતાના અંતરમાં ભંડારી દઈ મારા પર જે અમીમય શીતળ વર્ષા કરી હતી તે કાયમને માટે મારા અંતરમાં આનંદની ભરતી જગવે છે. તેમના વર્તનમાં મને કબીર સાહેબની જ પ્રતીતિ થયા કરતી. તેમને જોઈને મને સાહેબની પ્રખ્યાત સાખી યાદ આવતી :

સાધુ ઐસા ચાહિએ દુખે દુખાવે નાહિ,
પાન ફૂલ છેડે નહીં બસે બગીચા માંહિ.

અર્થાત્ જેની સમીપમાં સદૈવ વસંત ઋતુનો જ અનુભવ થાય, જે એવા બગીચામાં વસે છે કે જ્યાં પાનખર ઋતુમાં પણ પાન ને ફૂલ ખરે નહીં, જે પોતાનું દુઃખ ભૂલી જઈ બીજાનું દુઃખ દૂર કરવામાં જ તત્પર રહે તેવા સંતને સાચા સંત કહી શકાય. મને પૂજ્યશ્રીનો એવો જ અનુભવ થતો. તેવા મહાન સંતની છત્રછાયામાં આ જીવને બહુ અલ્પ સમય માટે રહેવાનો મોકો મળ્યો હતો. પૂરેપૂરી સમજ પ્રગટે તે પહેલાં તો તેમણે આ સ્થૂળ જગત છોડી પણ દીધું! ત્યારે તો મારા જીવનમાં જાણે કે શૂન્યાવકાશ છવાયો હતો. તે સમયે હું અમેરિકામાં હતો. તે વખતની મારી મનોવ્યથા 'ચિકાગોના દરિયા કિનારે' નામના એક કાવ્યમાં મેં ઠાલવી હતી. પરંતુ તે જ રાતે મને સ્વપ્નદર્શનમાં પૂજ્યશ્રીએ જણાવ્યું હતું કે મા સર્વેશ્વરી તે જ હું ને હું તે જ મા સર્વેશ્વરી! ત્યાર પછી પૂજ્ય માને સમજવા મેં મારી બુદ્ધિની સરાણે ઘણી બધી વાતો ચઢાવી હતી. મને આખરે પૂ. મા સર્વેશ્વરી પણ તેટલાં જ મહાન સંત છે તેવો અનુભવ થયો હતો. સદ્‌ગુરુ કબીર સાહેબની સ્વાનુભૂતિની વાણી તેમનામાં ચરિતાર્થ થતી મેં અનુભવી હતી–



સબ ઘટ મેરા સાંઈયા, સૂની સેજ ન કોઈ,
બલિહારી વો પુરુષકી જા ઘટ પરગટ હોઈ.

અર્થાત્ મારો સ્વામી પરમાત્મા તો પ્રત્યેકના શરીરમાં સુષુપ્તપણે રહેલો છે. હૈયાની પથારી તેના વિના સૂની નથી. ખરેખર તે જીવને ધન્યવાદ ઘટે છે કે જેના શરીરમાં મારો સ્વામી જાગૃત થઈને કાર્યરત થાય છે. મને પણ માની સુકલકડી કાયામાં મા ભગવતીના સ્વરૂપે પરમાત્મા પ્રગટપણે પ્રવૃત્ત થયેલા જણાયાં. તેથી જ આ બાવનીની રચના થઈ શકી હતી.

દોહરો સમજતાં પહેલાં ઉપરના ત્રણ શ્લોકો–૨૩, ૨૪, ૨૫ ને ૨૬ ઉપર નજર ઠેરવો. તેને બરાબર સમજવા પ્રયત્ન કરો. આ જીવને પોતાની મર્યાદાઓનો સંપૂર્ણ ખ્યાલ છે એટલું જ નહીં પણ તે મર્યાદાઓને અતિક્રમી જવા પોતાને કોણ મદદરૂપ થઈ શકશે તેનો નિર્ણયાત્મક દૃઢ ખ્યાલ એ પંક્તિઓમાં અભિવ્યક્ત થયેલો જણાશે. સંસારના આધિ, વ્યાધિ ને ઉપાધિના ત્રિવિધ તાપથી આ જીવ ભલે થાકી ગયો છે પણ તેને પોતાના અંતરતમમાં જાગૃત થયેલી શક્તિનો પણ પરિચય થઈ ગયો છે. શક્તિનો હર પળે વિકાસ થતો રહે તેવી તેની મનોકામના પણ છે. તેથી સ્વર્ગનું સુખ પણ તુચ્છ લાગે છે. ભલેને સ્વર્ગમાં ત્રિવિધ તાપનો અભાવ હોય! ભલેને ત્યાં સુખનો સાગર છલકતો હોય! સુખમાં પોતાપણાની વિસ્મૃતિ થઈ જાય તે હવે પાલવે એમ નથી. તેને તો માની સંનિધિમાં વૈકુંઠ દેખાય છે. વૈકુંઠ એટલે તો રૂઢ અર્થમાં વિષ્ણુનું ધામ. વિષ્ણુ પ્રતીક છે પોષક તત્ત્વના. માની સંનિધિમાં શક્તિ લેશ પણ કુંઠિત થતી નથી બલકે હર ક્ષણે વિકાસ પામતી જ અનુભવાય છે તેથી સ્વર્ગને કોણ યાદ કરે?

ભલેને સ્વર્ગનું સુખ અમૃત તુલ્ય ગણાતું હોય! જીવને તો માનાં ચરણોમાં વિષ્ણુતત્ત્વનાં જ દર્શન થાય છે. તેથી માની સંનિધિમાં કમળની માફક એક દિવસ સંસારથી અસંગ થઇ શકાશે એવી ખાતરી થઇ ગઇ છે.

"વારંવાર" શબ્દ સાધકની ચઢતી પડતીનું ચિત્ર રજૂ કરે છે. એક જ પ્રયત્ને કોઇ સફળ થઇ શકતું નથી. ચઢવા પ્રયત્ન કરે તો તે પડે પણ ખરો. ફરી ઉભા થઇ તેણે ઉર્ધ્વગામી બનવાની મહેનત કરવી જ જોઇએ. કબીર સાહેબે પણ સાધકોને પ્રેરણા આપતાં કહ્યું છે કે–

મારગ ચલતે જો ગિરૈ તાકો નાહિ દોસ,
કહ કબીર બૈઠા રહે તા સર કરડે કોસ.

અર્થાત્ આધ્યાત્મિક માર્ગે ચાલતાં ચાલતાં પડી પણ જવાય છે. તેથી સાધકે ગભરાવું ન જોઇએ. પડી જવું તે સ્વાભાવિક ગણાય. માટે તે દોષ ન કહેવાય. તેથી પડી જનારે ફરીથી ઉભા થઇ માર્ગ પર ગતિશીલ બનવા પ્રયત્ન કરવો જ જોઇએ. એ પ્રમાણે પડતા આખડતા એક દિવસ મંઝિલે પહોંચી શકાશે. પરંતુ જે પડી રહે છે તેને મોટો ગેરલાભ થાય છે. તે તેનો અપરાધ ગણાય. 'કોસ' એટલે માઇલ. મંઝિલ ઘણી દૂર છે–કેવી રીતે જવાશે?–એવા વિચારોના માનસિક ભારથી તે દબાય જાય છે. પરંતુ વારંવાર પ્રયત્ન કરનાર પર માની કૃપા ઉતરે છે ને મનોરથો પણ પૂર્ણ બને છે. ફેરા ટળશે એટલે આત્માની શક્તિનો ક્રમિક વિકાસ થશે. તેના સાત્ત્વિક સંકલ્પો પણ ફળતા જણાશે.

આત્માની શક્તિનો પૂર્ણ વિકાસ એટલે મનના સૂક્ષ્મ સંસ્કારોના પડદાઓનું હટી જવું. બીજા શબ્દોમાં કહું તો



આત્મસાક્ષાત્કાર. સ્વસ્વરૂપમાં સ્થિતિ થવી તે જ અમૃત. આધ્યાત્મિકતાની તે અંતિમ મંઝિલ ગણાય છે. ઉત્ક્રાંતિની તે ટોચ છે. તેના પર ચઢી પોતાની જાત પર વિજય પ્રાપ્ત કર્યાની ધ્વજા ફરકાવવાની તક મા પૂરી પાડશે તેવી અમીમય ઝંખના. જીવ અમૃતનો તરસ્યો છે, ભૂખ્યો છે અને માના ખોળામાં જ એની ભૂખ તરસ તૃપ્ત થશે એવી લોખંડી શ્રદ્ધા પણ એ પંક્તિઓમાં ધ્વનિત થાય છે. તેથી બાળકની વ્યથા નીરખી મા તેને ધવરાવશે નહીં તો બીજું શું કરશે? મા તે આખર મા છે! આજે નહીં તો કાલે, પોતાનાં સર્વ કામ છોડીને પણ બાળકને આત્મતત્ત્વનું અમૃત ધવરાવ્યા વિના તેનાથી રહેવાશે ખરું? એવા પ્રકારની ચિંતનસભર મધુર લાગણી આ દોહરાની પંક્તિઓમાં ગૂંથાયેલી છે.

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.

## ગુજરાતના વ્યાપક લોકહિતને લક્ષમાં રાખીને
## "નયા ગુજરાત"ના નિર્માણપથ પર આગેકૂચ

અનેકવિધ પડકારોનો સામનો કરતા રહીને ગરવી ગુજરાતના ગૌરવને પુનઃપ્રસ્થાપિત કરવાના દૃઢ સંકલ્પ સાથે ગુજરાત રાજ્યનો, તેની સ્થાપનાના ત્રણ દાયકાની મંઝિલ વટાવી ૩૩ મા વર્ષમાં મંગલ પ્રવેશ. ગુજરાતે તેના સર્વાંગી નવઘડતર માટે છેલ્લા ત્રણ દાયકામાં હાંસલ કરેલી સાફલ્ય સિદ્ધિઓની આછેરી ઝલક.

**સરદાર સરોવર પરિયોજના :** સરદાર સરોવર પરિયોજના દ્વારા રાજ્યના ૧૨ જિલ્લાઓના ૬૨ તાલુકાઓના ૩,૩૯૩ ગામોમાં ખેતીલાયક વિસ્તારની ૧૮ લાખ હેક્ટર જેટલી જમીન સિંચાઈ હેઠળ આવરી લેવાશે.

**અછતનો મુકાબલો :** રાજ્યના ૧૭ જિલ્લાના ૧૫૦ તાલુકાઓનાં ૧૧૩૮૧ ગામો અછતગ્રસ્ત અને અર્ધ-અછતગ્રસ્ત જાહેર કરાયાં.

૨૨૩ ઘાસ વિતરણ કેન્દ્રો દ્વારા ૪૫૦.૭૭ લાખ કિલોગ્રામથી વધુ ઘાસના જથ્થાનું કરાયેલું વિતરણ.

**વીજઉત્પાદનમાં વૃદ્ધિ :** વીજ-વપરાશના માથાદીઠ યુનિટની દૃષ્ટિએ ગુજરાત સમગ્ર રાષ્ટ્રમાં દ્વિતીય સ્થાને.

દેશમાં સરેરાશ માથાદીઠ વપરાશ ૨૩૨ યુનિટ, જ્યારે ગુજરાતમાં ૩૯૯ યુનિટ.

**ઔદ્યોગિક વિકાસ :** ઔદ્યોગિક ક્ષેત્રે આઠમી પંચવર્ષીય યોજનામાં આશરે રૂા. ૪૦,૦૦૦ કરોડનું મૂડી રોકાણ.

**સાતમી યોજના કરતાં બમણું કરાયેલું આઠમી પંચવર્ષીય યોજનાનું કદ :** રાજ્યની આઠમી પંચવર્ષીય યોજનાનું કદ રૂા. ૧૧,૫૦૦ કરોડ રાખવાની ગુજરાતની દરખાસ્તને આયોજન પંચે આપેલી સ્વીકૃતિ.

**પછાત વર્ગ કલ્યાણ :** અનુસૂચિત જાતિ, જન જાતિ તથા સામાજિક તથા શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણની યોજનાઓ માટે ચાલુ નાણાંકીય વર્ષમાં રૂા. ૪૬ કરોડની જોગવાઈ.

માહિતી/વપન/૯૨/૧૮/૧૨/૧



## * એ યોગેશ્વર જાણ* *

(ગાન)

યમનિયમોની શી સરવાણી,
વરદ વાણી શું નિર્મળ પાણી,
શુચિ જીવન જ્યોતિર્મય દયાની–
જીવન દિવ્ય પ્રમાણ,
એ યોગેશ્વર જાણ.

અસંગ નિઃસ્પૃહ નિર્મમ જ્યોતિ,
શુચિતા મુદિતા માર્દવ મૈત્રી,
પરમ સાધના પ્રીત પ્રભુ શી–
શું પરમ ચેતના ગાન!
એ યોગેશ્વર જાણ.

માત શારદા જિહ્વાગ્રે શી,
પ્રકાશ પંથની દેતી લ્હાણી,
સંયમ શિવમય-શ્રમ હરનારી–
દે ઊર્ધ્વ જીવનનું દાન,
એ યોગેશ્વર જાણ.

નિર્દંભ નિર્મળ મુખ શું શોભે!
સરળ સાદગી સુંદર ઓપે,
પ્રભુ મિલનની આરત સોહે–
પુનિત તપની પિછાન,
એ યોગેશ્વર જાણ.

---

* પ્રેરિત-"અધ્યાત્મ"ના માર્ચ ૧૯૯૨ ના અંકમાંના "મહાત્મા યોગેશ્વરજી-શ્રી ભગવાનનો વિભૂતિ અવતાર"નામક લેખ પરથી.

દિવ્યતેજથી ભાલ શું ઓપે!
ભવ્ય લલાટે તપ શું સોહે!
નયનો કેવાં પુનિત શોભે!
દે પ્રભુદર્શનની લ્હાણ,
એ યોગેશ્વર જાણ.

ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)


પ્રભુવિણ જે કંઈ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS : 10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨




# હરિદ્વારનો સત્સંગ

નારાયણભાઇ જાની

ભારતીય સંતો અને શાસ્ત્રો સત્સંગનો મહિમા ગાતાં થાકતા નથી. તો આ સત્સંગ શું છે? તેનું પરિણામ શું? એ તો જીવનમાં કોઇ સાચા સંત મળી જાય અને એમના પ્રત્યક્ષ સત્સંગનું સૌભાગ્ય કોઇ ભાગ્યશાળી જીવને સાંપડી જાય તો તેનો જાત–અનુભવ થાય.

આ વર્ષે પૂ. મા શ્રી સર્વેશ્વરી તા. ૨૭–એપ્રિલથી ૨૭ મે ૧૯૯૨ સુધી હરિદ્વાર રહ્યાં. આથી લગભગ બસો જેટલાં પ્રેમી સાધક ભાઇબહેનો હરિદ્વારમાં પહોંચી ગયાં ને પૂ. માના સાંનિધ્ય અને સત્સંગનો લાભ પામ્યાં.

પૂ. માના સત્સંગમાં પ્રાધાન્ય પ્રભુના સંકીર્તનનુંજ હોય, એ સ્વાભાવિક છે. વળી મા ભાગિરથીના કાંઠે આવનાર સહુ પાસે ગંગાપૂજન પણ શ્રી વિજયભાઇ પંડિત જેવા ભાવિક અને સાત્ત્વિક પુરુષ પાસે કરાવે. એ પણ એક સરસ લ્હાવો મળે. સવારસાંજ ગંગામાતાની આરતી તો ગાવાની. તો શ્રી પૂર્ણિમાબેન તેમજ કપૂરા, વડોદરા અને ભાવનગરની નાની બાળાઓ ભાત-ભાતની ધૂનો ગવડાવે ને ભજનો પણ ગાય. એક સરસ મજાનું સાત્ત્વિક વાતાવરણ સરજાય. એમાં પ્રવેશતાં જ સંસાર ભૂલી જવાય અને જીવને પ્રભુના પંથે પગલાં ભરવાની પ્રેરણા મળે.

સવારના બરાબર પાંચના ટકોરે પ્રભાતિયાના મધુર ગાનથી મા શ્રી સર્વેશ્વરીના સત્સંગનો પ્રારંભ થાય. શ્રી પૂર્ણિમાબેનના

સૂરીલા કંઠમાં કપૂરા, વડોદરા અને ભાવનગરની કોલેજમાં ભણતી દસેક બેનો સાથ પૂરાવે, ત્યારે તો કોઇ રેડિયો સ્ટેશન પરથી ગવાતા પ્રભાતિયાની મઝાની યાદ તાજી થાયઃ–

શ્રી યોગેશ્વર પ્રભુ દર્શન આપે, સત્યપથને દ્વારે રે,
દર્શન કરતાં શિશ નમાવી, સર્વેશ્વરી સુખ પામે રે...

પૂ. શ્રી યોગેશ્વર ગુરુદેવની દિનચર્યાનું વર્ણન કરતું એ આખુંય પ્રભાતિયું સૂણતાં જ, રાત્રિની નિદ્રામાંથી જાગેલું મન પ્રસન્ન થઇ ઊઠે. ગંગામૈયાનો કિનારો, પૂ. મા શ્રી સર્વેશ્વરીનું સાંનિધ્ય અને હરિદ્વારનું પવિત્ર તીર્થધામ. એક અનેરો સુભગ સમન્વય–સત્સંગનો સુઅવસર.

પૂ. મા કહે, "અહીં આવ્યાં છો તો સત્સંગનો પૂરો લાભ લો. અહીં તમારી સાંસારિક જવાબદારીઓથી તમોને સહેજે મુક્તિ મળેલી છે, તો સમયનો સદુપયોગ કરો. જે સમય બચેલો છે તેને જપ, ધ્યાન, સ્તોત્રપાઠ, કે સારા પુસ્તકના વાંચનમાં પસાર કરો. આ સિવાય બીજી પ્રવૃત્તિ પણ થઇ શકે, પણ એવું કામ ન કરતા જેને પરિણામે સત્સંગી બનેલું મન સંસારના રંગે રંગાય.

પૂ. મા રોજ સવારે સ્નાનવિધિથી પરવારી પૂ. ગુરુદેવને ૧૨૫ પ્રણામ કરે. પૂ. માનો આ ચૂસ્ત નિયમ. એનું પાલન ગમે તેવી શારીરિક પરિસ્થિતિમાં પણ તેઓ કરે. પછી ભલે શરીરમાં તાવ હો, થાક હો કે બીજી કોઇ બળતરા કે વ્યાધિ હો, પણ નિયમ એટલે નિયમ. તેનું પાલન કરે જ. સહુ સાધકો પણ પૂ. માના પ્રણામના કાર્યક્રમમાં જોડાય. આશ્ચર્ય તો એ વાતનું થાય કે શારીરિક અશક્તિ ધરાવતી વ્યક્તિઓ પણ પૂ. માના સાંનિધ્યમાં આ શ્રમયુક્ત ભક્તિભાવપૂર્ણ વ્યાયામ કરી શકે. પૂ. માનું સાંનિધ્ય



જ એવું કે પાસે બેસનાર સાધક એનો દેહાધ્યાસ ભૂલી જાય. તન અને મનના વ્યાધિઓનું સહેજે વિસ્મરણ થઇ જાય.

પૂ. માનું જીવન ખુલ્લી કિતાબ જેવું છે. એમને પાણી વગરનો ઉપવાસ હોય ત્યારે જળપાત્ર પણ એમના આવાસમાં ના રાખે. પૂ. માની આ પ્રામાણિકતાભર્યો વ્યવહાર ખાસ કરી યુવાન સાધક ભાઇબહેનોને સ્પર્શી જાય. વળી પૂ. મા તો પ્રેમનો સાગર. એમનો નિર્વ્યાજ પ્રેમ, સ્વાર્થરહિત ભાવ, માણસને લોહચુંબકની જેમ તેઓની પ્રતિ ખેંચતો જ રહે. પૂ. માના પ્રેમનો અનુભવ કરનાર સાધકને ભગવાન શ્રીકૃષ્ણના ગોપીઓ પ્રત્યેના પ્રેમની યાદ અપાવી જાય. પૂ. માનું વ્યક્તિત્વ જ ભલે બાહ્ય રીતે સાધારણ લાગે, પરંતુ એની આત્મિક શક્તિ તો ગજબની. એમના સંગમાં માનવમનના જાતિ, ધર્મ અને વયના ભેદો સહજ રીતે સરી પડે. એટલે જ તો ગુજરાત અને બીજેથી લગભગ બસો જેટલાં સાધક ભાઇબહેનો પૂ. માનો સત્સંગ અને સાંનિધ્ય માણવા છેક હરિદ્વાર સુધી દોડી આવ્યાં.

આટલી કાળઝાળ મોંઘવારી, અસહ્ય ગરમી અને ખતરા ભરેલી સલામતીને અવગણીને જે લોકો અહીં આવ્યા, તેઓના પૂ. મા પ્રત્યેના આંતરિક ખેંચાણના ભાવની તમે કલ્પના કરી શકો. વળી આગંતુકોમાં ૭૦ કરતાં વધારે તો વીસ વર્ષ કે તેથી નીચેનાં યુવક યુવતીઓ હતાં.

## (૧) જીવન–પરિવર્તનની પ્રક્રિયા

પૂ. મા દિવસના આઠ કલાક સાધકો વચ્ચે સત્સંગમાં ગાળે. ભજન, ધૂનની રમઝટ ચાલે. પૂ. મા વિનોદી પણ એટલાં જ. નાની વયનાંઓનાં મન, પૂ. મા ખૂબ પ્રેમપૂર્વકના મૃદુ વ્યવહારથી

હરી લે. પરિણામે પૂ. માનો સત્સંગ જીવનના ઢાંચાને બદલવાની પ્રક્રિયાના ભાગરૂપ બની જાય. વર્ષો સુધી માબાપના કે પરિવારના સાંનિધ્યથી જે ફેરફાર ન થાય, જે જીવન ન બદલાય તે પૂ. માના સહવાસમાં અતિ અલ્પ સમયમાં સિદ્ધ થઇ જાય. આ જીવન પરિવર્તન કેવું હોય તે નિહાળીએ.

પ્રેમલ મુંબઇનો એક યુવક છે. હજી તો અભ્યાસ જ કરે છે. ધની પરિવારમાંથી આવે છે. એનું સદ્‌ભાગ્ય છે કે પૂ. માના વિદ્યાર્થીકાળનાં મિત્ર મીનાક્ષીબેનનો તે પુત્ર છે. એ રીતે પૂ. માના સંસર્ગમાં તે આવ્યો છે—આ પ્રેમલનું પરિવર્તન તેની માતાના તથા તેના પોતાના શબ્દોમાં આપણે જોઇએ.

## પરિવર્તન પ્રેમલનું

મીનાક્ષી ભાગોલીયા
(પ્રેમલનાં માતા)

સંત ચરણરજ દેવો માટે પણ દુર્લભ છે, એ ઉક્તિ આજ સુધી સાંભળીને માનતી, પરંતુ એનું પ્રત્યક્ષ દર્શન ચિ. પ્રેમલમાં થયેલું જોયું. સંત સમાગમ, સંતકૃપા શું નથી કરતાં? ન માની શકાય એવું પરિવર્તન પ્રેમલની કુમારવયનું આ પરિવર્તન એનું ભાવિ ઉજ્જ્વલ બનાવશે. રાજકોટમાં પૂ. માને અણધાર્યું મળવાનું થયું. સહજ વાત વાતમાં પ્રેમલે પૂ. મા સાથે હરિદ્વાર જવાની ઇચ્છા બતાવી અને અદ્‌ભુત રીતે બધા સંજોગો અનુકૂળ થતા ગયા, અને ચિ. પ્રેમલ પૂ. મા સાથે હરિદ્વાર આવ્યો. કોઇ દિવસ એકલો ક્યાંય પણ ગયો નથી. એવો પ્રેમલ કુટુંબથી છૂટો પડીને અહીં આવ્યો. ઘરમાં ખૂબ જ લાડકોડમાં ઉછેર. પાણી પણ હાથમાં લેવાની ટેવ નહિ, અતિશય લાડમાં એનું કોઇ જ કામ



કદી હાથે કરતો નહીં. એવી ટેવો સાથે પૂ. માના સાંનિધ્યમાં આવ્યો. પૂ. માના નીતિનિયમોનું પાલન પ્રેમથી કરવા માંડયું. સવારમાં પાંચ વાગે ઊઠી જવાનું, ગંગાજીમાં સ્નાન કરી પોતાનાં કપડાં પણ જાતે ધોવાનાં. ૧૨૫ પ્રણામ સાથે બીજી ધાર્મિક પ્રવૃત્તિઓમાં રસ કેળવાયો. કલ્પનાતીત ફેરફારો જોવા મળ્યા. વળી માના વ્હાલસોયા સાંનિધ્યમાં મમ્મીને પણ ભૂલી ગયો!

બાળકો હંમેશા માતાપિતાથી ઓળખાતાં હોય છે. ચિ. પ્રેમલને હંમેશાં એમ લાગ્યાં કરતું કે અમારે બધે જઇએ ત્યાં તમારા નામે જ કામ કરાવવાનું હોય! પણ હું જ્યારે હરિદ્વાર પહોંચી ત્યારે મારે પ્રેમલના નામથી મારો પરિચય કરાવવાનો પ્રસંગ આવ્યો.

પૂ. માના સાંનિધ્યમાં પ્રેમલે ઘણું ઘણું મેળવ્યું જે અમૂલ્ય છે. ગમે તેટલું ધન આપીને પણ મેળવી શકાતું નથી. તે છે શ્રદ્ધા- નું ભાથું, દરેક કાર્યોમાં ગુરુકૃપા જોવાની દૃષ્ટિ કેળવાઇ ગઇ. જીવનના દરેક વળાંક પર સારામાઠા પ્રસંગો આવવાના જ. તેને ગુરુકૃપા પ્રસાદ સમજી વધાવી લેવાની દૃષ્ટિ કેળવાઇ. પૂ. માએ એને સાચો ગુરુભક્ત બનાવ્યો. જ્યારે જીવ ભક્ત બને છે ત્યારે ભગવાને પણ તે ભક્તને આધીન બને છે. પૂ. માના વહાલાસોયા સાંનિધ્યમાં પ્રેમલ ખૂબ ખૂબ પામ્યો. અત્યારે ચિ. પ્રેમલ એસ. એસ. સી. માં છે મેટ્રિક એ વિદ્યાર્થીજીવનની કારકીર્દિનું પ્રવેશ-દ્વાર છે. તેમ જ કુમારવય એ પણ જીવનનાં મૂલ્યો સમજીને સારે પંથે પ્રયાણ કરવાની શરૂઆતનો કાળ છે. અને ચિ. પ્રેમલ એ યોગ્ય તક ઝડપી લઇને પૂ. માનો કૃપાપ્રસાદ પામીને ખૂબ બદલાઇ ગયો!

અમારા ઘરમાં સેવા છે પણ સેવાનો પ્રસાદ લેતી વખતે પણ કદીયે શ્રદ્ધાથી પ્રસાદ લેતો નહીં, કારણ કે ઈશ્વરના અસ્તિત્વમાં

પણ એ ઘણીવાર શંકા સેવતો અને નાસ્તિક બની ચર્ચા કરતો. તેને બદલે આજે ફક્ત 'મા'જ મારા પ્રભુ એવી ભાવના દૃઢ બનાવી હવે તો પૂ. મા જ પ્રેમલના સાચાં રાહબર, ગુરુ, માતા, પિતા, મિત્ર બની ગયાં. પૂ. માએ પ્રેમલને પ્રવચન કરવાનું કહ્યું, ત્યારે આ બધું જ એ બોલ્યો. સાથે એણે કહ્યું કે હું માની સામે જોઇને, એમની દૃષ્ટિમાંથી આ બધું બોલવાની પ્રેરણા પામ્યો છું. પ્રેમલનો કંઠ પણ સૂરીલો છે. પરંતુ આજ સુધી એ પિક્ચરનાં ગીતો જ ગાતો ને હવે એ સત્સંગમાં ધૂન પણ ગવડાવે છે. આ છે પ્રેમલના જીવનનું આમૂલ સદ્પરિવર્તન.

---

**Premal Bhagalia.**
16 Years.

When I met Maa in Rajkot I heard that Maa is going to 'Haridwar' and then she will be going to 'Deshrathachal' Parvat. At that time only I decided to come with Maa, so Maa booked my ticket also. On 26th April I reached Ahmedabad because my flight was on 27th April. For the first time I was coming with Maa alone and for the first time I was travelling by plane. It was a wonderful experience. Within 1 hour and 15 minutes we reached Delhi. From Delhi we hired taxis and reached Haridwar at 5–00 p.m. Maa's other devotees who had come before us welcomed us heartily.



After coming to Haridwar my life is completely changed because of Maa's love. In Bombay during holidays I never used to get up before 11–00 a.m. in the morning, but here I attended Pranam at 7–30 a.m. I had never washed my clothes but here I started washing my clothes. I never washed my face with cold water but here I am taking bath in the chilled water of 'Ganga', and the main thing was that I started believing in God and started praying him. I had no fixed God but now Maa is my God.

I made so many friends over here. We go to take bath thrice a day and have fun in the cold waters of 'Ganga'. It is said that if we take bath in the cold water of 'Ganga' we are purified from all our sins and we become pure. We also go to the market for shoping or to have Lassi. After coming here my Dashrathachal parvat's trip was cancelled. I went to Chandidevi temple climbing which was situated on top of a mountain about 1000 feet high. We had a great fun in that trip. Then I went to Neelkanth Mahadev by car. Then for the second time we all friends went

walking. Then for the third time also we went to Neelkanth with everybody. It is 16 kms walking distance going and coming. Then we also went to Mountain. And with Maa I went to 'Chandravadni devi temple. I walked without shoes with Maa. In Bombay I have never walked even a short distance because we can easily get bus or a taxi, But over here how could I climb so many mountains? It is Maa's strength which made me climb so much.

My this changed life is because of Maa, therefore it is my new birth. So this life is Maa's life and I want Maa's blessings that I will be able to maintain my-self.

**પ્રેમલના વક્તવ્યનો ગુજરાતી અનુવાદ**

હું પૂ. માને રાજકોટમાં મળ્યો અને જાણ્યું કે તેઓ હરિદ્વાર અને દશરથ પર્વત જવાનાં છે. તે વખતે જ તેઓની સાથે જવાનું મેં નક્કી કર્યું. પૂ. માએ મારી ટિકિટ પણ કઢાવી લીધી. ૨૬ મી એપ્રિલે હું અમદાવાદ પહોંચ્યો, કારણ કે તા. ૨૭ મીએ અમારું વિમાન હતું. પૂ. મા સાથે યાત્રા કરવાનો આ મારો પહેલો પ્રસંગ હતો, તો વળી મારી આ પહેલી જ વિમાની સફર હતી. માત્ર સવા કલાકમાં જ અમદાવાદથી દિલ્હી પહોંચી જવાનો એ રોમાંચક અનુભવ હતો. પૂ. મા સાથે અમે દિલ્હીથી ટેક્સી મારફત



હરિદ્વાર આવી ગયાં, જ્યાં અગાઉથી આવી પહોંચેલ પૂ. માના ભક્તોએ અમારું ઉષ્માભર્યું સ્વાગત કર્યું.

પૂ. માના પ્રેમને લીધે હરિદ્વાર આવીને મારું જીવન સંપૂર્ણ બદલાઇ ગયું. મુંબઇમાં રજાના દિવસોમાં હું ભાગ્યે જ સવારે ૧૧ વાગ્યા પહેલાં ઉઠતો. પરંતુ અહીં હું સવારે સાડા સાતે થતા એકસો પચ્ચીસ પ્રાગ્રામમાં હાજરી આપું છું. આ અગાઉ મેં કદી મારાં કપડાં જાતે ધોયાં ન હતાં, પરંતુ અહીં તે ધોઉં છું. ઘરે હું કદી ઠંડા પાણીથી મોઢું પણ ધોતો નહિ પરંતુ અહીં હું ગંગાના શીતળ જળમાં સ્નાન કરું છું. આ ઉપરાંત મારામાં જે મુખ્ય પરિવર્તન આવ્યું તે હું પ્રભુમાં માનવા અને તેને પ્રાર્થના કરવા લાગ્યો, તે છે. અગાઉ મારા કોઇ ખાસ ભગવાન ન હતા, પરંતુ હવે પૂ. મા મારાં ભગવાન છે.

અહીં મારે ઘણા મિત્રો પણ થયા છે, જેમની સાથે હું ગંગામાં ત્રણવાર સ્નાન કરતાં કરતાં રમુજ પણ કરું છું. એવું કહેવાય છે કે ગંગાના ઠંડા પાણીમાં સ્નાન કરવાથી માણસનાં પાપ બળી જાય છે અને માણસ પવિત્ર બને છે. ખરીદી માટે અને લસ્સી પીવા હું બજારમાં પણ જાઉં છું. મારા અહીં આવ્યા પછી મારી દશરથ પર્વત પર જવાની યાત્રા રદ કરાઇ. પરંતુ હું ચંડીદેવીના પર્વતે ચઢી આવ્યો જેની ઉંચાઇ હજાર ફીટની છે. આ યાત્રામાં અમે ઘણી મઝા કરી. પછી અમે મોટરમાં નીલકંઠ મહાદેવ જઇ આવ્યા. પરંતુ બીજી અને ત્રીજી વાર હું મિત્રો સાથે પગે ચાલીને ગયો. ઋષિકેશથી તેનું જવા–આવવાનું અંતર ૧૬ કિલોમીટર જેટલું છે. વળી અમે ડુંગર પણ ચઢી આવ્યા અને પૂ. મા સાથે ચંદ્રવદની દેવીના પર્વતે ઉઘાડા પગે ચઢયો. મુંબઇમાં હું

થોડું અંતર પણ ચાલેલો નહિ. સહેલાઈથી મળી જતી બસ કે ટેક્સીમાં જ જતો. પણ અહીં આ બધા પર્વતો હું શી રીતે ચઢી ગયો? ખરે જ, પૂ. માની શક્તિથી જ હું આ બધું ચઢયો.

મારું આ જીવન–પરિવર્તન પૂ. માને આભારી છે. આ મારો નવો જ જન્મ છે એટલે મારું આ જીવન પણ પૂ. માનું જ છે. મારું આ પરિવર્તન પામેલું જીવન ટકી રહે તે માટે હું માના આશીર્વાદ માગું છું.

પ્રેમલ

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**
“ સ્વર્ગારોહણ ”
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
“ સ્વર્ગારોહણ ”, દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ.ગુ.) ૩૮૫૧૧૦



# રાજીવનો પત્ર

રાજીવ

[નોંધ : પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાંનિધ્યમાં યુવકો કેવું અદ્‌ભુત આકર્ષણ અનુભવે છે, તેનું ઉદાહરણ પૂરું પાડતો આ બીજા એક યુવકનો પત્ર જોઈએ. સ્વભાવે ઓછાબોલા એ યુવકે એના મનમાં પૂ. મા માટે કેવા ભાવો ચાલી રહ્યા છે તેનું સરસ ચિત્રણ પત્રમાં કર્યું છે. —તંત્રી]

**પરમ પૂજ્ય વહાલાં “મા”**

“મા” તમારો પ્રેમ અદ્‌ભુત છે. આ જીવને તમારા પ્રત્યે એવું ખેંચાણ અનુભવાય છે કે આજ સુધી ક્યારેય કોઈ માટે આવું અનુભવાયું નથી. એકલાં મનુષ્યો જ નહિ પણ બીજા જીવો પર પણ તમારા પ્રેમની અસર થઈ જાય, એટલો મહાન છે તમારો પ્રેમ.

જેટલો તમારો બાળક તમને યાદ કરે છે, એના કરતાં દસગણું વધારે તમે એને પાછું વાળી દો છો. તમે દરેકના દિલની વાત જાણો છો. “મા” તમારો આટલો પ્રેમ હું એક સર્વ સાધારણ બાળક, જીરવી શકીશ કે કેમ? એની શંકા છે. ઘણીવાર “મા” સાથે વાતો કરું છું. એવો વિચાર કરતાં કરતાં મનમાં ને મનમાં “મા”ને ઘણું બધું કહી નાખું છું, પણ જ્યારે પ્રત્યક્ષ “મા” સામે આવે છે. ત્યારે જીભ ઉપડતી જ નથી. અને એટલે જ લખવાનો વિચાર કર્યો, પણ પેન પણ ઉપડતી નથી. એટલે યોગેશ્વરજીને પ્રાર્થના કરું છું કે મારી કલમ પર આવીને મને શબ્દો સુઝાડે,

જેથી હું મારા દિલની વ્યથા "મા" આગળ લખી જણાવી શકું.

"મા" ખરેખર તમને છોડીને જવાની વાત ગળે ઉતરતી નથી. આ પંદર દિવસમાં તમારી સાથે રહીને એટલો પ્રેમ થઇ ગયો છે કે તમારી વિના જીંદગી કેવી રીતે જીવાશે? મુંબઇ જશું એટલે ફરી પાછી બધી માથાકૂટ ચાલુ થઇ જશે. હવે મને "મા" સિવાય બીજી કોઇ વાતમાં રસ પડતો નથી. "મા" મહાત્માજીએ તમારા ખભા ઉપર હાથ લગાવ્યો હતો ત્યારે તમે ગદ્‌ગદ થઇ ગયાં અને સવા લાખ જપ કરવાનું નક્કી કર્યું. તો મને તો તમે આજે તમારી રૂમમાં તમારા હાથે ફળ ખવડાવ્યાં તો મારે માથે તમારું કેટલું મોટું ઋણ ચડી ગયું! અરે! અમારા જેવા તુચ્છ માણસનું નામ પણ "મા" લે તોયે અમારું સદ્‌ભાગ્ય ગણાય.

આ પાનખર ઋતુ કેવી રીતે જશે એની ખબર નથી પડતી. વસંત ઋતુ કેમ આટલી નાની હોય છે! છૂટા પડવાની ઘડી નજીક આવતાં મન ઉપર બોજો વધી ગયો હોય એવું લાગે છે. ફરી એક વાર મારા પિતાને કહી દો કે, "રાજીવને મારી સાથે લઇ જાઉં છું." "મા" સિવાય બીજા કોઇ વિષયમાં મને રસ નથી. આ પંદર દિવસના સત્સંગને લીધે આવેશમાં આવીને આ બધું નથી લખતો, પણ પહેલેથી જ ઈશ્વરપરાયણ જીવન જીવવાની ઇચ્છા દિલમાં હતી. આ પહેલાં પણ જ્યારે "પ્રકાશના પંથે" વાંચતો ત્યારે દિલમાં આવા જ અનુભવો થતા. એમ થતું કે "પ્રકાશના પંથે" લઇને નીકળી પડું. મહાત્માજીએ જ્યાં જ્યાં સાધના કરી છે એ દરેક સ્થળનાં દર્શન કરું અને એમની પ્રેરણાથી હું પણ એ માર્ગ અપનાવું. એટલે જ દશરથાચલ જવાની મારી ઇચ્છા ખૂબ હતી, પણ "જૈસી 'મા'કી મરજી".



નાનપણથી જ ધાર્મિક પુસ્તકોનું વાંચન મને ગમતું અને એમાંય મહાત્માજીના હાથની લખેલી ચોપડી હોય તો ખૂબ મજા પડે છે. એમની સરળ ભાષા સામાન્ય માણસને પણ વશમાં કરી લે છે. મને યાદ છે. 'પ્રકાશના પંથે' વાંચતો ત્યારે રાત્રે ૨ વાગ્યા સુધી પથારીમાં ચોપડી વાંચતો, ખબર પણ નહોતી પડતી કે સમય ક્યાં જતો રહે છે! એમની નાની વયની મનોદશા, દરેક સ્ત્રીમાં જગદંબાની ઝાંખી કરવાની ટેવ, કેટલું અનોખું જીવન! બીજાના માટે પ્રેરણાદાયક, બીજાને એની અસર થાય કે ન થાય, પણ મને તો એનાથી આ જિંદગી જીવવાની પ્રેરણા મળી ગઇ છે. 'લગ્નની સમસ્યા'માં વર્ણવેલી મુશ્કેલી વાચકને ઉત્તમ પ્રેરણા પૂરી પાડે છે. જેણે પણ એને ધ્યાનથી વાંચી હશે અને મહાત્માજીમાં શ્રદ્ધા રાખતો હોય તો તેણે એમના બતાવેલા માર્ગને અપનાવવો જોઇએ.

મહાત્માજીની મહાનતાનો ખ્યાલ એમના દેવ થઇ ગયા પછી થયો છતાં એ અમારા જીવનમાં સૂક્ષ્મ રીતે મદદ કરે છે. અને એમની આત્મકથા દ્વારા અમને પ્રેરણા મળે છે. એ વખતની મારી મનોદશા કંઇક અંશે નાજુક હતી. ત્યારે પણ એમ થયેલું કે "મા" પાસે જતો રહું. અને અત્યારે પણ એવી જ હાલત છે. રાત્રે ઊંઘ નથી આવતી. "મા"ની યાદ આવે છે અને રડી પડાય છે. ગદ્‌ગદ થઇ જાઉં છું. કેવો નિર્મળ પ્રેમ કરે છે "મા" બધાંને! ત્રણચાર દિવસથી તો રોજ રાત્રે સ્વપ્નામાં "મા" દર્શન આપે છે. ગઇ કાલે જ લગભગ ૨॥ થી ૩ વાગ્યા હશે. અને ઊંઘ ઉડી ગઇ. "મા"ની યાદ આવતી હતી એટલે થયું કે નીચે જઇને ગેલેરીમાં ગંગા મા આગળ બેસીને "મા"ને બોલાવું અને "મા" ન આવે ત્યાં સુધી એને યાદ કરતો રહીશ. પણ દરવાજો બંધ

હતો એટલે નિરાશ થઈને ઉપર આવ્યો અને પથારીમાં બેસીને "મા"ના જપ ચાલુ કરી દીધા અને એના બદલા સ્વરૂપમાં "મા"એ કેટલું મોટું ફળ આપ્યું ! હરિદ્વાર પહેલી વાર આવ્યો છું. પણ ક્યાંય જવાનું મન થતું નથી. "મા"ની પાસે જ રહેવાનું મન થાય છે, અને એટલે જ સત્સંગનો કાર્યક્રમ પૂરો થયા પછી પણ છેક સુધી ઊભો રહું છું. એવી આશાથી નહિ કે "મા" મને બોલાવે પણ "મા"ના પ્રેમથી ખેંચાઈને ત્યાંથી જવાનું મન થતું નથી. "મા"ના દરેક કાર્યક્રમમાં આવવાનું મન થાય પણ બીજાં કારણોને લીધે મન પાછું વળે. મને પહેલેથી જ ખોટો આડંબર કે બીજાને દેખાડવાની વૃત્તિથી નફરત છે. એટલે મારા આધ્યાત્મિક ક્ષેત્રના અનુભવ પણ કોઈને કહેવાનું મન થતું નથી. "મા !" તું તો સર્વ કાંઈ જાણે છે. તું બીજાની સાથે મિત્રતા કરે છે. મારે તારી સાથે મિત્રતા નથી કરવી. મને તો "મા" સાથે પ્રેમ થઈ ગયો છે. એક મિત્ર કરતાં "મા"નો પ્રેમ મહાન હોય છે. "મા" આમાંનું કાંઈ પણ આવેશમાં આવીને નથી લખાયું "મા"ની અને મહાત્માજીની કૃપા રહેશે તો મારા મન ઉપર વિજય મેળવીશ.

પહેલેથી જ મનને ઈશ્વરપરાયણ જીવન ગમે છે. પણ મારા ધાંધલિયા જીવનમાં વિસરી જવાય છે, પણ "મા"ના સાંનિધ્યમાં આવીને એ ફરીથી તાજું થઈ જાય છે. ધાર્મિક પુસ્તકોના વાંચનથી મનમાં થોડાઘણા મેલો હોય છે એ ધોવાઈ જાય છે, અને વહેલામાં વહેલી તકે પ્રભુ પાસે પહોંચવાની ઈચ્છા થાય છે. કોઈ પણ પરિબળો હવે મને "મા"થી અલગ ના કરે તેનું ધ્યાન રાખજે. "મા"ના પ્રેમને વશ થઈને "મા"ને તુકારે સંબોધી રહ્યો છું, તો માફી માંગું છું. પણ પ્રેમમાં બીજી બધી વસ્તુ ગૌણ છે.



જેમ તુકારામ વિઠોબાને પોતાના ગણીને એમની સાથે ઝગડો પણ કરે છે, એમની સામે દલીલ કરે છે. ખરેખર, ખૂબ મજા પડે છે એ વાંચવાની. "મા !" તમારા ધ્યાનમાં બીજાં પણ સારાં પુસ્તકો હોય તો જણાવશો એટલે જ્યારે તમારું સાંનિધ્ય ના હોય ત્યારે મનને એ તરફ વાળી રાખવાનું સહેલું બને, અને ધાર્મિક પુસ્તકોના વાંચનથી મન શુદ્ધ અને નિર્મળ રહે છે. તમે પરદેશથી આવીને અમારી સાથે દક્ષિણ ભારતની યાત્રાએ જવાની વાત કરી એથી મનમાં ખૂબ આનંદ થયો. "મા" રાજીવ જેવાને આટલું મહત્ત્વ શા માટે આપે છે? એના બદલામાં હું આ ઋણ કેવી રીતે ચુકવી શકું? મને કોઈ ભજન કે ગીત બનાવવાની આવડત નથી કે કોઈ સારી ધૂન ગવડાવતાં આવડતી નથી, પણ જો આવી રીતે "મા"નું સાંનિધ્ય મળશે તો એમાં પણ પ્રવીણ બની જઈશ.

આશા રાખું કે મારી મનોવ્યથાને "મા" સમજી શકે અને એને અનુકૂળ ભાથું આપે. અને સદાયે તમારો હાથ તમારા આ બાળક ઉપર રહે એવી આશા મનમાં ઘર કરી ગઈ છે. રાજેન્દ્રભાઈ જાનીએ કહ્યું કે, "એકવાર મહાત્માજીએ કહ્યું હતું કે અમારામાં એટલી શક્તિ છે કે અમે ૧૦૦ વિવેકાનંદને જન્મ આપી શકીએ છીએ" તો મારે "મા"ના હાથે એ સૌભાગ્ય માણવા મળે એવી ઈચ્છા છે.

---

*** સદ્‌ભાવભરી સહાય ***

"અધ્યાત્મ" માસિકને મે, ૧૯૯૨ દરમ્યાન રૂા. ૨૦૦૩ ની સદ્‌ભાવભરી સહાય મળી છે. સહાય મોકલનાર સર્વે ભાઈબહેનોને અભિનંદન અને શુભાશિષ. —તંત્રી

### સંતના સમાગમ અને સત્સંગમાંથી

# શું મળ્યું ?

**સંજય પંડયા**

એકત્રીસ વર્ષના એક યુવકના હાથમાં સ્વામી દયાનંદ સરસ્વતીનું "સત્યાર્થ પ્રકાશ" આવ્યું. એણે એને ધ્યાનથી વાંચ્યું. પરિણામે એની ભગવાનની સાકાર મૂર્તિઓમાંથી અને સંત મહાત્માઓનાં સ્વરૂપોમાંથી શ્રદ્ધા ડગી ગઈ. સંભવ છે કે એની કાચી સમજને લીધે આમ બન્યું હોય. આથી તેની દશા ત્રિશંકુ કે ધોબીના કુતરા જેવી થઈ.

ધાર્મિક પરિવારમાં જન્મેલ હોવાથી ઘરમાં ભગવાનની પૂજાઓ થતી, આરતી કરાતી, પ્રસાદ ધરાવાતો, પરંતુ તેને એવું લાગતું કે આ બધું નકામું છે. તેના સારા નસીબે તેણે પોતાની આ માનસિક મથામણ વર્ણવતો પત્ર પૂ. માને લખ્યો. પૂ. માએ તે વાંચ્યો. પછી પૂ. મા રાજકોટ પધાર્યાં ત્યારે એને એકલાને એક કલાક સુધી પોતાની પાસે બેસાડી એના પ્રશ્નોના યથાયોગ્ય જવાબ આપી, તેના મનનું સમાધાન કરી, તેની પ્રભુમાંની શ્રદ્ધાને પ્રસ્થાપિત કરી. ખૂબ પ્રેમપૂર્વકના પૂ. માના આ વ્યવહારથી એ યુવક—સંજય પંડયા પૂ. માના હરિદ્વારના સત્સંગમાં પણ આવ્યો.

તે સત્સંગમાં તેને શું સાંપડયું તે તેણે ગેય ગીતમાં આલેખ્યું છે. વળી પૂ. માએ તેને રાજકોટમાં મુલાકાત આપી, તે તેને મન પૂ. માનો સાક્ષાત્કાર બની રહી, તેનું આલેખન તેણે પત્રમાં કર્યું છે.

—તંત્રી



## * પરમ સુખ મળ્યું *

સુખ મળ્યું, પરમ સુખ મળ્યું,
મારી માના સંગે પરમ સુખ મળ્યું. મારી માના૦
હસતી સદા આનંદ કરાવતી,
હે..... ગહન જ્ઞાનામૃત પાનારી. મારી માના૦
જીવન જીવવાની જડીબુટ્ટી સાચી,
હે..... જડતાને દફનાવનારી. મારી માના૦
ચિંતન કરે તેને પ્રેમળ કરનારી,
હે..... દિવ્ય હલચલ મારા ઉરમાં વસી. મારી માના૦
જીવન શુદ્ધિનો યજ્ઞ મંડાયો,
હે..... ત્રિલાપ ત્યાં તો હોમાયો. મારી માના૦
આર્ય નિવાસમાં આનંદ હેલી,
હે..... ભાગીરથી સખી રૂપે મળી. મારી માના૦
મહિનો જાણે પળમાં વીત્યો,
હે..... કલબલ કરતાં અમે ખુંદીએ ખોળો. મારી માના૦
પાનખરે વસંતને વધાવતી,
હે..... મડદામાં પ્રાણને પૂરનારી. મારી માના૦
હારેલી જિંદગી પાછી પામ્યાને,
હે..... જિંદગીમાં પ્રાણ પુગયો હવે. મારી માના૦
ગંગાજળ પાવન શિર પર છંટાયું,
હે..... જાણે જીવન અમૃતથી સીંચાયું. મારી માના૦
માવડી અમારા પોકાર સુણજો,
હે..... જનમોજનમનો સાથ ધરજો. મારી માના૦

તુજને છોડીને મા દૂર અમે વસીએ,
હે..... તારા સ્મરણમાં નિત રમીએ. મારી માના૦
સર્વેશ્વરી! તારા ચરણે હું આવ્યો,
હે..... અમૃતકુંભ વ્હાલા બાળને મળ્યો. મારી માના૦

**પરમ પૂજ્ય વહાલાં મા–પ્રભુ** સંજય, તા. ૨૭/૪/૯૨

કોટિ કોટિ પ્રણામ.

આપની અમી–દૃષ્ટિ આપના સ્વરૂપોમાંથી સતત અમારી ઉપર પડતી રહે છે. ને એ કૃપા–વરસાદથી અમે સદા લીલાછમ રહીએ છીએ. આપના કૃપા–વરસાદને અમે વધુ ને વધુ ઝીલી શકીએ એવી યોગ્યતા આપો 'મા'.

મા, મારી પરીક્ષાઓ સરસ રીતે પૂરી થઇ ગઇ છે. હવે માત્ર N.C.C. સર્ટિની પરીક્ષા જ બાકી છે. ૧૬ મે સુધીમાં એ પણ પૂરી થશે. ને હું હરદ્વાર આવીશ જ.

મા, આજ સુધી તો વાંચ્યું જ હતું કે સંતોનાં દિવ્ય પરમાણુઓ તેમની મદદ ઇચ્છતા મુમુક્ષો પર ક્રાંતિકારી અસર કરે છે. પણ મને તો એનો અનુભવ પણ થઇ ગયો. મા, આપે મને મુલાકાત આપીને ભલેને એ મુલાકાતમાં સાદા પ્રશ્નો પણ અતિ ઉપયોગી પ્રશ્નો જ આપની કૃપાથી પ્રશ્નાર્થચિહ્ન ગુમાવી બેઠા ને પૂર્ણવિરામ ધારણ કરી બેઠા, પણ મારા મનમાં એવા તો અદ્ભુત ફેરફાર થઇ ગયો કે વાત ન પૂછો. પહેલાંની જાણે જેની આશા ખૂબ જ ન હતી એવી સ્વસ્થતા આવી ગઇ. પરીક્ષા વખતે ગમે તેવા કપરા સંજોગોમાંય મેં જે સ્વસ્થતા જાળવી એની ઉપર હું ખૂદ ચકિત થઇ ગયો! બીજું એ કે મનમાંથી નબળી વસ્તુઓ, વિકારો ઘણા શાંતિ પામી ગયા. ઈર્ષા અદેખાઇની ભાવના પણ



ઘણે અંશે શાંત પડી ગઇ. આ બધું આપની મુલાકાત જેને હું હવે તો "માનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર" જ કહું છું તેના પછી જ થયો. મને એટલું તો આશ્વાસન મળી ગયું કે મારામાં યોગ્યતા તો છે જ, પણ મેં મારી યોગ્યતા તર્કમાં ને ખોટા વિચારોમાં ફસાવી દીધી હતી. હવે મા, મને મારો રસ્તો દેખાય જ છે. ને આપને જણાવતાં મને આનંદ થાય છે અને આપને પણ આ જાણીને આપના આ બાળક પર આનંદ થશે કે, હું હવે ધીરે ધીરે પણ મક્કમતાથી એ રસ્તા તરફ અને એ રસ્તા પર જ ડગ માંડું છું. આપના સાક્ષાત્કાર પછી મારામાં આત્મવિશ્વાસની નવી હેલી આવી છે, મક્કમતા વધી છે. હવે એમ જ લાગે છે કે મા ઉભી છે–ધ્યાન રાખીને, ચિંતા એને ચરણે સોંપી દે.

મા, આપના આદેશ મુજબ "પ્રકાશના પંથે" વાંચવાનું શરૂ કરીશ, આજથી જ. મને એવો ભાસ થાય છે કે એ જીવન પરિવર્તનની જડીબુટ્ટી છે. મા, આપની મુલાકાતના સાક્ષાત્કાર પછી જ્યારે હું ઘેર જવા નીકળ્યો, ને બસસ્ટેન્ડે ઉભો હતો ત્યારે આ ઓચિંતાનું ઉદ્ભવ્યું, ઉંડાણેથી સંકલ્પો–વિકલ્પો–તર્કોરૂપી ખડકોને ભેદીને. એ આપને અર્પણ, મા.

## સુવાક્ય

જેને આત્મદર્શન ન થયું હોય એમને માટે ભગવાં કપડાં ધારણ કરવાં એ સમાજને છેતરવા બરાબર છે.

# દશરથ યાત્રા–(૨)

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

હરિદ્વારના સત્સંગનું બીજું મહત્ત્વનું અંગ એ પૂ. માની દશરથ યાત્રા. લગભગ ૭૦૦૦ ફીટની ઉંચાઇ ધરાવતા આ પર્વત ઉપર પૂ. મા ઉઘાડે પગે પૂ. ગુરુદેવના સ્વરૂપ સાથે ચઢી ગયાં– જ્યાં ચડવાની કોઇ કેડી નહિ એવા પર્વતના ઢોળાવો પૂ. મા કોઇના કે લાકડીના ટેકા વગર ચઢયાં–એ આશ્ચર્યકારક હતું. વળી પૂ. માએ આજે સવા આઠ વર્ષથી સંપૂર્ણ અન્નત્યાગ કરેલ છે અને દરેક વર્ષમાં લગભગ ૧૨૫ જેટલા પાણી વગરના ઉપવાસો છતાં પૂ. ગુરુદેવની કૃપા શું કરી શકે, તે પૂ. માએ આ યાત્રામાં ભક્તોને બતાવ્યું. દેવપ્રયાગથી દશરથ પર જવાની ચઢાઇ શરૂ થાય–પૂરા ચાર દિવસે પૂ. મા પાછાં ફર્યાં ત્યારે ખબર પડી કે પાણી વગરનો ઉપવાસ કરી પૂ. મા ચઢયાં અને ચાર દિવસમાં ઉનાળાની આવી અસહ્ય ગરમીમાં ખુલ્લા પગે ચાલતાં પગે શું ન વીતે ? છતાં પ્રસન્ન વદને, હસતાં હસતાં આ યાત્રા તેઓએ કરી, તેની વાત આપણે સહયાત્રી શ્રી ગોરધનભાઇ કલોલા, (કલ્યાણ) પાસેથી સાંભળીએ.

### માતૃ અંકે મોજ

પૂ. માની આ વખતની હરિદ્વાર યાત્રા અદ્‌ભુત રીતે યાદગાર બની ગઇ. દોઢસો ભાઇબહેનોને પૂ. માના શ્રી ચરણોમાં ગંગાતટે બેસવાનો અનુપમ લહાવો મળ્યો. પરમ પુરુષોનાં શ્રી ચરણોમાં બેસીએ ત્યારે આ ભૌતિક સૃષ્ટિ કેવી અલૌકિક સૃષ્ટિમાં સરી પડે



છે તેના અનેક અનુભવો ભાવિક ભક્તોને આ વખતે હરિદ્વારમાં ગંગાતટે થયા. તેમાં સૌથી પ્રાણવાન પ્રબળ અનુભવ પૂ. માના સાંનિધ્યમાં યોજાયેલી દશરથાચલ પહાડની કષ્ટપ્રદ યાત્રાનો થયો.

ઘણાં વખતથી પૂ. માનું મન દશરથાચલની ટોચ પર મીટ માંડીને બેઠું હતું. તે ઇચ્છા આ વખતે સાકાર થઇ. બીજા અર્થમાં કહીએ તો એ ઇચ્છા પ્રભુએ જ સાકાર કરી.

તપથી જેમ સિદ્ધિ પામી શકાય, તેમ આ દશરથ યાત્રાથી પણ અનેક સિદ્ધિઓ સાકાર થઇ, કારણ કે આ યાત્રા તપપૂર્ણ યાત્રા હતી. ગમે તેટલી વિદ્વત્તા હોય પણ તે અંતર અનુભૂતિ ન બની શકે, પણ આ દશરથ યાત્રાએ વગર વિદ્વત્તાએ સહયાત્રીઓને જાણે અનુભૂતિનો થાળ ભરી દીધો. આ જીવનમાં જે વેઠે છે, તે જ પામે છે. જે ચાલે છે તે જ મંઝીલે પહોંચે છે, તેવી એક જીવંત અનુભૂતિ કરાવવા માટે પૂ. માએ દશરથાચલ યાત્રાનું આયોજન કર્યું.

શ્રદ્ધાભક્તિસંપન્ન કેટલાક છોકરાઓને પૂ. માએ પસંદ કર્યા. આમ તો પૂ. માના બધા જ છોકરાઓ શ્રદ્ધાભક્તિની સાકાર મૂર્તિ જેવા છે, પરંતુ આ યાત્રા અનેક જોખમોથી ભરેલી હોવાથી શારીરિક રીતે તેમ જ માનસિક રીતે ખડતલ હોય તેવા છોકરાઓને પૂ. માએ તૈયાર કર્યા હતા. આખી યાત્રા દરમ્યાન આ છોકરાઓએ જે સેવા અને સમર્પણભાવ વ્યક્ત કર્યો તેથી પૂ. મા ખૂબ જ રાજી થયાં. સૌ છોકરાઓને તેમની એકનિષ્ઠ સેવા બદલ પૂ. મા તરફથી જે પ્રેમનો પુરસ્કાર મળ્યો તેની તુલના નહીં થઇ શકે.

આ યાત્રાએ સૌમાં જે ગુરુદેવપ્રભુ અને પૂ. મા પ્રત્યે જે વિરલ શ્રદ્ધાભક્તિ જાગી તેનાથી સૌના જીવનમાં આમુલ પરિ-

વર્તન થયું. પૂ. મા અને પ્રભુએ આ યાત્રામાં જે જીવન–ભાથું આપ્યું તે અનુભૂતિઓનું છે. આ પ્રત્યક્ષ અનુભૂતિઓને લીધે જીવન જાણે કંઇ નક્કર મેળવીને ધન્ય થઇ જવાયું હોય તેમ લાગે છે.

સૌથી અગત્યની વાત પૂ. માના સાંનિધ્યની છે. તે સાંનિધ્યમાં જે અનુભવાય છે તે જીવનમાં કંઇ નક્કર પ્રાપ્તિનો અનુભવ કરાવે છે. આ યાત્રામાં પણ પૂ. માના પુનિત પગલે પગલે જે સાકાર થતું ગયું તે સીધું અંતરમાં જ ઉતરતું ગયું છે. અંતરમાં ઉતરીને ત્યાં તે શ્રદ્ધાના પીંડ તરીકે કાયમ માટે વસી ગયું છે.

આ પદમાં પૂ. માએ આ યાત્રાની સુંદર અનુભૂતિ અને ફલશ્રુતિને સાકાર કરી છે.

સર્વેશ્વરી તો યાત્રા કરે,
યોગેશ્વર ત્યાં છાંય ધરે.
બાળ બની પોકારે જ્યાં,
માત બનીને ઉભી ત્યાં.
તપનું તીર્થ બનાવે જે,
દશરથ યાત્રા કરાવે તે.
પ્રેરક, પોષક, પાલક એ,
પરખે સાચા ભક્તો જે.
એની મોજ નિરાળી છે,
માણે તે દિવાની છે.
સર્વેશ્વરી પહાડોમાં ફરે,
ભક્ત સેવકની શ્રદ્ધા વધે.
શ્રદ્ધાનું દારિદ્રય ટળે,
ભક્ત ઉરે અજવાળું ઠરે.



પ્રભુકૃપા અને કસોટીઓથી ભરપૂર આ યાત્રા જીવંત પરબ બનીને પ્રેરણાનાં પિયુષ પાયાં જ કરશે. ભક્તોની શ્રદ્ધાનું દારિદ્રય સાચા અર્થમાં ટળી ગયું છે, દિવ્યપ્રેમાશ્રુથી મંડિત થયું છે. અનુભૂતિઓનું જે અજવાળું અંતરમાં આ યાત્રાથી પ્રકટયું છે તેને હવે ઢાંક્યું ઢંકાય તેમ નથી.

આ યાત્રા પૂ. માની પરમ કૃપા થકી થઇ, સાચા અર્થમાં તો પૂ. માનું સાંનિધ્ય એ જ સાચી જીવનયાત્રા છે. પહાડોમાં ફરીને જે શ્રદ્ધા પૂ. માએ જગાડી છે, તે શ્રદ્ધાને હવે સંસારના ગમે તેવા લોભ લાલચના પહાડો હલાવી નહીં શકે. આપણો સૌનો શક્તિસ્રોત 'મા' છે, એ સ્રોત અખંડ આપણા તરફ વહેતો રહે એ જ પૂ. માના શ્રી ચરણોમાં પ્રાર્થના.

●

## સુવાક્ય

ગુરુઓનો નિવાસ પર્વતો ઉપર જ હોય એવો વિશ્વ નિયમનું કોઇ બંધન નથી. ભારતમાંના હિમાલય અને તિબેટ પાસે જ કાંઇ સંતોનો ઇજારો નથી. જે અંદરથી શોધી કાઢવાની મહેનત કરતો નથી તે શરીરને ગમે ત્યાં પણ લઇ જશે તો પણ તે મળવાનું નથી. આધ્યાત્મિક પ્રકાશ માટે દુનિયાના છેડા સુધી પણ જવાની જેની તૈયારી હશે તો તે ભક્તને ગુરુ બાજુમાંથી જ મળી આવે છે.

# હરિદ્વાર સત્સંગ–(૩)

**પૂર્ણિમા**

હરિદ્વાર સત્સંગનું ત્રીજું મહત્ત્વનું અંગ એ ચંદ્રવદનીની યાત્રા લેખી શકાય. એ પ્રયોજવા પાછળ કેટલાંક કારણો હોઇ શકે, જેમાંનું એક મહત્ત્વનું–શ્રી પૂર્ણિમાબેનને પર્વતીય પ્રદેશની યાત્રા કરાવવાનું પણ હોય.

પૂ. મા જ્યારે દશરથાચલની યાત્રાએ ગયાં, ત્યારે પૂર્ણિમાને શ્રી ગુરુલીલામૃતનું સમૂહગાન કરવાનું સોંપી ગયેલાં. નાદુરસ્ત તબીયતે પણ એણે એ ગાન સમયબદ્ધ રીતે પૂરું કર્યું. વળી લગભગ મહિના સુધી દરરોજ સવારે પાંચ વાગે પ્રભાતિયાના સુરીલા ગાનની તેમ જ સાંજના ચાર વાગ્યાની ધૂનની શરૂઆત પણ એણે જ કરવાની. આમ સત્સંગમાં એણે જે સાથ આપ્યો, તેનો ઋણસ્વીકાર તો પૂ. મા વહાલ વરસાવી કરે જ, પરંતુ તેનો બીજી રીતે પણ કંઇક લાભ પહોંચાડવાની પૂ. માની ઇચ્છા. પરંતુ તકલીફ એ કે પૂર્ણિમાની દેહની તાસીર એવી કે પર્વતીય પ્રદેશમાં બસ કે મોટરમાં પ્રવાસ કરતાં એને ઘણી બધી ઉલ્ટીઓ થાય. ભૂતકાળનો તેનો આવો અનુભવ એને ઋષિકેશથી આગળ વધવાની ના પાડે. પરંતુ પૂ. માએ સંકલ્પ કર્યો કે, "હે ગુરુદેવ, તમારા દેવપ્રયાગના સાધનાસ્થાનનાં દર્શન એ કરી શકે એવી કૃપા કરજો." અને તેને દેવપ્રયાગ જ શું કામ, છેક ચંદ્રવદનીના પર્વતે પહોંચાડી પૂ. માના સંકલ્પને પૂ. ગુરુદેવની શક્તિએ સાકાર કર્યો.

બેન શ્રી પૂર્ણિમાના મનના ભાવો આ યાત્રામાં કેવા રહ્યા



અને પૂ. મા પ્રત્યેનો એનો અહોભાવ કેવો વધ્યો તે ચાલો આપણે તેના શબ્દોમાં જ જોઇએઃ–

**કૃપાદર્શન**

જીવનમાં યાત્રા થાય એ પ્રભુની કૃપા! પણ એ યાત્રા સાચા અર્થમાં સફળ થાય એ પ્રભુની વિશેષ કૃપા! અને એ યાત્રા સાહસ ભરી, હિંમતભરી કલ્પનાતીત થાય અને સફળ થાય એ પ્રભુની અતિ કૃપા! અને જો એ યાત્રા ઈશ્વરદર્શી સાચા સંતની સાથે કરવાની હોય તો એ યાત્રામાં તો ડગલે ને પગલે કૃપા! કૃપા! કૃપા! નાં જ દર્શન! કૃપાનો જ અનુભવ થાય! પણ તેનું વર્ણન શક્ય નથી!

યાત્રા! યા = યાતના, ત્રા = ત્રાસ.

હા! મારે એવી યાત્રા ન હતી. ખૂબ જ સુખદ અને આનંદ અને પ્રેમ ધરનારી હતી; કારણ શ્રી માના અંકમાં જ બેસીને કરી જેથી તેનું કષ્ટ–વેદના મને નહિ, પૂ. માને જ સહન કરવાનું રહ્યું! એ પરમ કૃપાળુ માના હૈયાની કરુણા આજે મારા પર અનરાધાર વરસી રહી! જેમાં હું સાચે જ સ્નાન કરી ધન્ય બની. અને એ કૃપાને લાયક ન હોવા છતાં એ કૃપાળુદેવના આજે મારા પર ચાર હાથ હતા.

દર વર્ષની જેમ આ વખતે પણ મારે હરિદ્વાર આવવાનું બન્યું! સૌ કોઇ પહાડ ઉપર આવેલા તીર્થનાં દર્શન કરવા જાય પણ મને ઇચ્છા હોવા છતાં હું જવાની હિંમત કરતી ન હતી. ૧૦ વર્ષ પૂર્વે બદરીનાથ જતા પહાડીમાર્ગે મુસાફરીથી અસ્વસ્થતા થવાથી મારી દશા મરણોન્મુખ થયેલી હતી. અને તેથી જ સૌ કોઇ એ પાવન તીર્થનાં દર્શને જઇ આવતા, પણ હું હરિદ્વારથી જ

પાછી વડોદરા ફરતી! પણ જે સ્વયં તીર્થરાજ પ્રયાગ છે જેના શ્રી ચરણો જ્યાં જ્યાં વિચરણ કરે ત્યાં તીર્થ પ્રગટ થાય છે, જેના દેહમાં કોટિદેવતાનો વાસ છે એવાં પ્રત્યક્ષ પ્રેમસ્વરૂપા માના શ્રીચરણ જ મારે મન સર્વતીર્થ છે. માટે મારે કોઇ દેવી કે દેવ પાસે જવાની મને જરૂર જણાય નહિ. છતાં પૂ. શ્રી જે શક્તિપીઠ પર જઇ રહ્યાં હતાં, એવી પવિત્ર ભૂમિ ચંદ્રવદનીદેવી અને નાગાધિરાજ હિમાલયનાં દર્શન ફરી કરવાની ઇચ્છા પ્રગટી અને મેં મારું નામ યાત્રામાં જવા નોંધાવ્યું.

યાત્રામાં જોડાવાનો આનંદ અને દૃઢ શ્રદ્ધા હતી જેથી મને કંઇ જ નહિ થાય! અને યાત્રામાં જતાં પહેલાં ૧૨૫ પ્રણામ કર્યા, છેલ્લા પ્રણામ પૂરા કર્યા ત્યાં જ પૂ. માનાં દર્શન થયાં જેથી મનમાં દૃઢ વિશ્વાસ થયો કે હવે મારી યાત્રા સફળ થશે. રાત્રે પૂ. મા હસતાં હસતાં કહે, પ્રભુ પૂર્ણિમાની યાત્રા સફળ કરો. પૂ. માના શુભાશિષ લઇને હું બસમાં જવા નિકળતી હતી, ત્યાં ડોક્ટરે દવા આપી. જે દવા લેવાની મારી ઇચ્છા ન હતી. કારણ કે પ્રભુની કૃપા જ મારે મન ઉત્તમ ઔષધ છે; જેથી એની કેવળ કૃપાને આધારે જ હું યાત્રામાં જોડાઇ!

પૂ. માએ કહ્યું, "પૂર્ણિમા! તારે આજે મારી સાથે ગાડીમાં આવવાનું છે!" અંતર આનંદથી નાચી ઉઠયું! હૃદય ગુરુદેવ પ્રભુના અહોભાવથી છલકાયું! અને મારી પાસે નમસ્કાર સિવાય બીજું કોઇ સાધન ન હતું! તેથી ફરીથી ૧૨૫ પ્રણામ કર્યાં. સમયે ગાડી આવી અમારી યાત્રા–જીવનની ધન્યતાની યાત્રા શરૂ થઇ.

આપણે આપણાં ઘરમાં જે જીવન જીવીએ છીએ તે વાસ્તવ-માં જીવન પસાર કરીએ છીએ. અહીં પૂ. માના અંકમાં જે પવિત્ર



પ્રભુપરાયણ જીવન જીવાય છે! સહજ રીતે જ મન એ મા ભગવતીમાં જોડાયેલું રહે છે, એ પણ એ માની જ કૃપા! એવા પવિત્ર જીવનનો જે અતિ મહત્ત્વનો કે ધન્યતાનો કે પ્રભુની પરમ અનહદ કૃપાનો કોઇક દિવસ હોય તો તે આજે હતો. મને ખબર ન હતી કે ઓચિંતિ પૂ. મા મારા હૃદય–આંગણમાં પ્રેમ લઇને આવી ઉભી છે; મારી કલ્પનાતીત કૃપા આજે વરસી.

પૂ. મા, પૂ. શ્રીને કહે, "પ્રભુ, આજે તમારા પર એક ચેલેંજ છે કે આ પૂર્ણિમાની રક્ષા તમે કેટલી ને કઇ રીતે કરો છો? તે આજે જોવા મળશે. એ પરમ ઉદાર, પરમ પ્રેમાળ એ પરમ કૃપા-સિંધુ પ્રભુએ ૨૫૦ પ્રણામથી જ પ્રસન્ન થયા અને જે રીતે મારી સર્વપ્રકારે રક્ષા કરી છે જેનું વર્ણન શબ્દમાં હું કઇ રીતે કરી શકું?

પૂ. મા કહે, "પૂર્ણિમા, તું આજે દર્દી, ને હું ડોક્ટર છું" અને આજે પૂ. મા મારાં સાચાં વૈદ્ય બન્યાં. મારું શારીરિક સ્વાસ્થ્ય તો સંભાળ્યું જ પણ મને ભવરોગમાંથી મારા મન–અંતરના રોગોને એના પાવન સ્પર્શે દૂર કરી દીધા. અને મને સાચા અર્થમાં તંદુરસ્ત કૃપા કરી ધરી. એની કૃપાની સામે હું શું ધરું! એ પ્રેમના દેવને શેના પુષ્પ ધરું! એ પ્રેમના દેવી માની પૂજા કરી, આંસુથી શ્રી ચરણોને પખાળ્યાં! હૃદયમાં થોડો ઘણો જે પ્રેમ છે તેનાથી તેને તિલક કર્યું. પ્રભુની મંગલમય સ્તુતિ વાણીથી કરી. આજ પૂજાથી તો શું? પણ માએ પોતે જે કૃપાળુ મા છે તેનું બિરુદ સાર્થક કર્યું!

અહીંથી ગાડી ચાલી. પૂ. માએ ગુજરાવાલા હનુમાનજીનાં દર્શન વિદેશમાં તેમને થયાં તેની વાત કરી.

પૂ. મા મારા મનને સતત પ્રભુના જ સ્મરણમાં જોડવા માટે

પ્રભુની વાત કરી રહ્યાં છે. પૂ. માની સાથે બેસવાનું હોય એટલે સહજ સંકોચ થાય! તો પૂ. મા કહે : ખાઇપીને લહેર કરો! પૂ. માના આ શબ્દો છેક જ સહજ શબ્દો પણ સાચા જ ઠર્યા! માના શ્રીઅંકમાં આનંદ–મંગલ છે.

પૂ. માની ગાડી બસ કરતાં આગળ નીકળી ગઇ. પૂ. મા કહે અમે સત્સંગમાં પૂ. શ્રી પાસે પાછળથી આવ્યાં! પણ તેમની જ કૃપાથી આગળ ચાલ્યા ગયાં! કારણ કે ધ્યેયને જ લક્ષ્યમાં રાખીને ચાલવાનું હોય છે!

પૂ. મા કહે, "આ શરીરને પચાસ વર્ષ થવા આવ્યાં પણ તંદુરસ્ત છે. તેનું કારણ નિયમિત પ્રણામ!" ગમે તે પરિસ્થિતિ આવે પણ પ્રણામ તો કરવાના જ! સુમનકોડાથી તળેટી કેટલું ચાલીને જવાનું, છતાં સવારે ૧૨૫ પ્રણામ કર્યા જ. અને આ પ્રણામથી જ અમે દશરથ પર્વત ચઢી આવ્યાં. ગમે તેવો થાક હોય, ઉંઘ આવે, આળસ આવે, પ્રણામ કરવા. પૂ. મા નિયમિત પ્રણામ પોતે કરીને બધાને પ્રેરણા ધરીને શરીર–મન–અંતરને તો તંદુરસ્તી બક્ષે છે પણ આધ્યાત્મિક રીતે પરોક્ષરીતે પ્રભુ પ્રણામથી પ્રસન્ન થઇને કૃપા વરસાવે છે જે આજે અનુભવવા મળ્યું! પ્રભુ પરાયણ જીવનમાં નિયમિત પ્રણામ–પ્રાર્થના–જપ વગેરેની સતત પ્રેરણા પૂ. મા ધરી રહ્યાં છે.

રસ્તે આવતાં કુદરતી દૃશ્યો, પ્રકૃતિ જાણે સોળે શણગાર સજીને નાગાધિરાજની સેવામાં છે, ખૂબ જ સુંદર હૃદયને આનંદ આપનારાં દૃશ્યો જોઇને કહે, "ખરેખર તો પગપાળા યાત્રામાં જવું જોઇએ. કોઇક સુંદર ઝરણા પાસે દિવસ પસાર કરવો જોઇએ. કોઇક જગ્યાએ ખૂબ સુંદર હોય તો મા કહે અહીં જ



રહેવું જોઇએ. પૂ. મા કહે તને કંઇ થાય છે? હું ના પાડું છું તો પૂ. મા કહે ૯૯% રોગ માનસિક હોય છે. પૂ. મા કહે તમને કંઇ જ થતું નથી. સ્વસ્થ છો એનું એક જ કારણ કે તમે મનથી અમારી આસપાસ ફર્યા કરો છો. રોગની શી તાકાત કે તે અહીં આવી શકે?

અમારી ગાડી ઋષિકેશથી દેવપ્રયાગના રસ્તે આગળ વધી. પૂ. મા કહે, "નીલકંઠ પણ જવું જોઇએ. હવે દશરથ પર્વત જઇ આવ્યાં પછી એક હિંમત આવી ગઇ છે. કોઇપણ પ્રકારના આયોજન વગરની યાત્રા કરવાની અને મુશ્કેલી આવે તેને હસી કાઢવાની પણ આવડત હોવી જોઇએ! વેદના વચ્ચે પણ હાસ્ય! ગમે તેવી વેદના શરીરમાં થાય! પણ મનની પ્રસન્નતામાં જરાસરખી ખોટ જણાતી નથી."

પૂ. મા કહે, "આ યાત્રા પોચડીદાસમાંથી પહેલવાન બનવાની, જીવન ઘડતરની મહાશાળા છે," પૂ. માને પહાડના રસ્તે પહેલાં ભય લાગતો! ક્ષણે ક્ષણે મૃત્યુ! મૃત્યુને યાદ કરો. પછી કહે કે "પૂર્ણિમા, તું મૃત્યુને યાદ કરે ખરી!"

પૂ. મા હિમાલયની ગિરિમાળાના દર્શન કરીને કહે કે "હિમાલય જેવી અડગ શ્રદ્ધા જોઇએ. તમારા પર આજે જે પૂ. શ્રીની કૃપા વરસી રહી છે તેને યાદ કર્યા જ કરજો." 'શૂળીનો ઘા સોયથી'.. બ્યાસી પછી એકાદ નાની સરખી ઉલટી થઇ માટે પૂ. મા કહી રહ્યાં છે.

પૂ. મા જીવન જીવવાનું અણમોલ ભાથું આજે ભરી રહ્યાં છે અને મારા શરીરની ઉથલપાથલનું સતત નિરીક્ષણ કરી રહ્યાં છે. પૂ. મા ખૂબ હસીને કહે, "આ તો ઇન્ટેનસીવ કેરવાળી છે!" પૂ. માએ મને સાથે લઇને એક સાહસ તો કર્યું છે, પણ પૂ. માની

સતત પ્રેમની અમીધારે ભીંજાતી ભીંજાતી હું ચંદ્રવદની દેવીની નજીક ને નજીક આવી રહી છું. પૂ. મા કહે, "પૂર્ણિમા, હવાનો આ તો ચમત્કાર જ ગણાય. જો જોતજોતામાં દેવપ્રયાગ આવી ગયું! પહાડને હસ્તે ૫૦ થી ૬૦ ટકા જેટલી યાત્રા ખૂબ જ સુંદર અને સહજ રીતે થઈ." આનંદ ને પ્રસન્નતાના તો જાણે ફુવારા હવામાં ઉડતા હતા, તે પણ મારી માની જ કૃપા હતી.

દેવપ્રયાગના પવિત્ર સંગમનાં દર્શન ગાડીમાંથી જ કર્યાં. ત્યાંથી કુટિયાનો રસ્તો પૂ. માએ બતાવ્યો કે અહીંથી શાંતાશ્રમમાં જવાય. શ્રી દશરથાચલ જવા કે સુજાનકીજીવાળો રસ્તો પણ પૂ. માએ બતાવ્યો. અમારી ગાડી દેવપ્રયાગથી આગળ ટિહરીના રસ્તે વધી. ચંદ્રવદની દેવપ્રયાગથી ટિહરી જતાં રસ્તામાં આવે છે. ૭૦૦૦ થી ૮૦૦૦ ફીટની ઉંચાઇ પર એ પવિત્રસ્થળ આવેલું છે.

પૂ. મા પૂર્ણિમાને લઇ આવ્યા! આશ્ચર્ય! હું સત્ય જોઉં છું કે સ્વપ્ન! પણ ખૂબ પ્રસન્નતા છે, હવે ચંદ્રવદની અહીંથી લગભગ ૩૦ થી ૩૫ કિ. મી. છે, પૂ. મા કહે, હવે માત્ર ૩૦ મિનિટ જ ગાડીમાં બેસવાનું છે. હવે સીધું ચઢાણ છે.. રસ્તા સારા નથી. પણ એ તરફ મારું ધ્યાન નથી. મારું મન તો એ શ્રી ચરણકમળનું ભૃંગ બની ત્યાં જ ભમ્યા કરે છે. પ્રકૃતિનાં દૃશ્યો ખૂબ જ સુંદર છે. ત્યાં જ અમારી સાથેની બસ મળી! પૂ. માએ સૌ બાળકોને વરદ હસ્તથી વધાવી લીધાં. અમારી ગાડી હવે ખૂબ ઝડપથી સૌની આગળ ચંદ્રવદની જઇ રહી હતી. અમારી ગાડી ક્યાંય ઉભી ન રહી તેથી પૂ. મા કહે, "આપણી યાત્રા પણ પ્રભુ તરફની આ જ રીતની જ હોવી જોઇએ. ગમે તેવાં પ્રલોભનો કે વિષયો, ખાવા, પીવાના, જોવાના આવે પણ આપણી યાત્રા સતત ગંગાના



પ્રવાહની જેમ ચાલુ જ રહેવી જોઇએ તો જ પરમાત્માના દર્શનનો અનુભવ થાય છે."

પૂર્ણિમા પર તો કેવી કૃપા! કે જેને ૪૦ થી ૫૦ જેટલી ઉલટી થાય તેને કોઇ મુશ્કેલી નહિ. પૂ. માના શીતળ શ્રીઅંકમાં યાત્રા કરી છે તેથી મને કોઇ વિપત્તિ નડી નથી. અને દુર્ગમ એવી પહાડની યાત્રા પણ હું કરી રહી છું. શ્રીસદ્‌ગુરુ માવડીની છત્રછાયામાં પૂનમ સર્વ રીતે સુરક્ષિત છે. રક્ષાકવચથી હું પૂર્ણસ્વસ્થપણે યાત્રા કરી રહી છું. પૂ. મા કિ. મી.નો આંક વાંચી કહે, "હવે માત્ર ૧૫ મિનિટ જ બાકી રહી છે. જીવનો જેટલો પુરુષાર્થ, તેટલો પ્રબળ પુરુષાર્થ તેટલું જ તે પામે છે. રસ્તામાં રિદ્ધિ આવે! સિદ્ધિ આવે! ઘણા પ્રલોભનો આવે, પણ સાધક દરેક પ્રલોભનોને ન ગણ્યગણે તો જ તેના ધ્યેયને તે પામી શકે, તેના પછી એક પછી એક સફળતાનાં ક્ષેત્રો સર થતાં જાય છે. પછી જીવનમાં કેટલો આનંદ–આનંદ–પરમાનંદ જ રહે." હું કહું છું કે ઠંડો પવન છે–શીતળતા છે તો પૂ. મા કહે, "આગળ ઉપર ચઢીએ એટલે ઠંડક, શાંતિ આનંદ સહેજ મળે છે."

આ ચંદ્રવદની જતાં પર્વતોની જે દુર્ગમ હારમાળા છે તે હરિયાળી છે. પૂ. મા કહે દશરથ પર્વત તો જાણે પરમ વૈરાગી છે સાવ ઉજ્જડ. તેના પર એક પણ વૃક્ષ નથી. અને અહીં કેટલાં સુંદર વૃક્ષો અને તેની છાંયા ઠંડક છે! તો દશરથ પર્વતના દેવ શ્રી યોગેશ્વર ભગવાન છે, જ્યારે આ તો સ્થાન માનું છે! પૂ. મા કહે, "શું મા રંગીલી છે!" અમે કહ્યું, "એવું નહિ. પૂ. માની ગોદ તો હરિયાળી જ હોય ને! પ્રભુના જીવનમાં પ્રકૃતિ પર પ્રભુત્વ એટલે દશરથાચલના દર્શન એવાં થાય છે." (અપૂર્ણ)

મહાત્મા શ્રી યોગેશ્વરજીના

# મસૂરી સ્મારકનું નવનિર્માણ

રાજેન્દ્ર જાની

ગયા વર્ષે જુલાઇ, ૯૧ માં હિમાલયના ઉત્તરકાશી વિસ્તારમાં ભારે ભૂકંપ થયો અને ઘણી બધી ખાનાખરાબી થઇ, તે ભૂકંપની અસરથી છેક મસૂરી સુધીના વિસ્તારો પણ મુક્ત રહી શક્યા નથી. શ્રી ગાંધી નિવાસ સોસાયટી, મસૂરી દ્વારા રચવામાં આવેલ શ્રી યોગેશ્વરજીના સ્મારક સ્થાનને પણ આ ભૂકંપને લીધે ભારે નુકસાન થયું છે. સ્મારક વિભાગના ખંડની બહારના ભાગની દિવાલમાં મોટી તીરાડો પડી ગઇ છે અને કેવલ પ્રભુકૃપાથી જ પાયા અને છતથી વિખૂટી પડેલી એ દિવાલ ઊભી રહી છે.

પ. પૂ. શ્રી યોગેશ્વરજીનો જન્મ ભલે ગુજરાતમાં થયો, પરંતુ તેઓની સાધનાભૂમિ હિમાલય રહી અને કર્મભૂમિ બની ભોગ-નગરી મસૂરી. પૂ. શ્રીનાં અહીંનાં પ્રવચનોએ ઘણા બધા માણસોના જીવનમાં આધ્યાત્મિક જાગૃતિ આણી, તેઓને પ્રભુ-પંથે વાળ્યા છે. એની ઝાંખી તો ત્યાંના સ્થાનિક માણસોને મળો તો જ થાય.

શ્રી ગાંધી નિવાસ સોસાયટી, મસૂરીના કાર્યકરોએ પૂ. શ્રી યોગેશ્વરજીના સ્મારક સંગ્રહસ્થાનને થયેલ નુકસાનની વિગત પૂ. માને જણાવી. આથી મા શ્રી સર્વેશ્વરીએ શ્રી શાન્તિભાઇ કનેરિયા અને શ્રી રાજેન્દ્રભાઇ જાનીને જાત નિરીક્ષણ માટે મસૂરી મોકલ્યા. તેઓએ સોસાયટીના કાર્યકરો સાથે વાતચીત કરી અને



સ્મારકસ્થાનને થયેલ નુકસાન જાતે નીહાળ્યું.

તે પછી ગાંધી નિવાસ સોસાયટીના કાર્યકરો પૂ. માને મળવા હરિદ્વાર આવ્યા અને આ સ્મારક સંગ્રહસ્થાનને સારી રીતે જાળવી રાખવું હોય તો તેને પાયાથી સુધારવાની આવશ્યકતા જણાવી. તેમ જ તેનો અંદાજીત ખર્ચ રૂા. ૧૦ લાખ જેટલો થાય તે પણ જણાવ્યું. હીલ સ્ટેશન પરનું બાંધકામ સપાટ પ્રદેશના બાંધકામ કરતાં ઘણું મોંઘુ થતું હોય છે, તે વાત પણ તેઓએ કહી.

પ. પૂ. શ્રી યોગેશ્વરજીનું કોઇપણ કામ પૂ. મા માટે હંમેશ આવકાર્ય. તેઓએ ગાંધીનિવાસ સોસાયટીના કાર્યકરોને યથાશક્તિ સહાય કરવા જણાવ્યું.

વિચારણાને અંતે પૂ. માએ આ કાર્યનો ભાર સંભાળવાની જવાબદારી શ્રી મુનીન્દ્રજી બડોણી, (હરિદ્વાર) તેમ જ શ્રી રાજેન્દ્ર જાની(ભાવનગર)ને સોંપવામાં આવી છે. આ અંગેની વિગતો પૂ. માની સત્સંગ બેઠકમાં જણાવતાં નાનામોટા સહુ સાધક ભાઇ-બહેનોએ પોતાનો ફાળો તુરત જ નોંધાવી દીધો. તેમાં હરિદ્વારમાં જ રૂા. ૬૫,૦૦૦ જેટલી રકમનાં વચનો મળ્યાં ને કેટલાક પૈસા રોકડા પણ આવ્યા.

આ કાર્યમાં "અધ્યાત્મ"ની સહાય પણ લેવામાં આવી છે. આ નવનિર્માણ કાર્યની જાહેરાત અધ્યાત્મ મારફત કરવામાં આવી રહી છે. તે ઉપરાંત તેનો ફાળો વગેરે નીચેના નામે—ચેક, ડ્રાફ્ટ કે મનીઓર્ડરથી મોકલાવવા વિનંતી છે.

"અધ્યાત્મ, મહાત્મા યોગેશ્વર મસૂરી સ્મારક સહાય ફંડ રૂા. ૧૦૦ થી નીચેની રકમનો ચેક મોકલવાને બદલે ડ્રાફ્ટ કે મની-

ઓર્ડરથી રકમ મોકલાવવા વિનંતી છે કારણ આઉટ સ્ટેશનના ચેકો ઉપર રૂા. ૧૦ થી પણ વધુ કમિશન લેવામાં આવે છે.

આ ફાળાની રકમની પહોંચ દરેક વ્યક્તિને તેના સરનામે અલગ મોકલાવવામાં આવશે. પરદેશના ગ્રાહકોને પત્રથી રકમ મળ્યાની જાણ કરવામાં આવશે.

આ રીતે એકત્રિત થયેલ ફંડમાંથી જરૂરત પ્રમાણે પૈસા મહાત્મા યોગેશ્વર ચેરિટેબલ ટ્રસ્ટ, મસૂરી મારફતે શ્રી ગાંધી નિવાસ સોસાયટીને પહોંચતા કરવામાં આવશે, જે સોસાયટીના આ નવનિર્માણના કાર્યની દેખભાળ રાખવાની કામગીરી બજાવશે.

આ સહાય નીચેના સરનામે મોકલાવવા વિનંતી છે.

તંત્રી, અધ્યાત્મ,
C/o. નારાયણ હ. જાની
નં. ૧૬૮૮ બી., સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧
ટે. નં. ૨૫૮૧૧.

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના સ્મારકના નવનિર્માણના પૂ. માના આ સંકલ્પને પૂર્ણ કરવા ભારતમાં આપણએ એવા ૫૦૦ માણસોની આવશ્યકતા છે જેઓ રૂા. ૧૦૦૦ કે તેથી વધુની સહાય આપે. આનો અર્થ એ નથી કે નાની રકમની સહાય સ્વીકારવામાં નહિ આવે. કેટલાંક બાળકોએ પણ યથાશક્તિ સહાય આપી છે જે અભિનંદનીય છે.



# * હું રાધા *

હું રાધા વૃષભાનદુલારી, બાર વરસની બાલા!
નંદકુંવર તો નવનો નટખટ! કરતો કાલાવાલા. હું રાધા.

નંદકુંવર ઘર નવલખ ધેનુ તોયે માખણચોર!
ચોરી ઉપર શી શિરજોરી! ગોપી ઉર અંધોળ! હું રાધા.

ગોપીવરની હું મુખિયાણી, એ દાણીનો દાણી,
દાણ લિયે કે દાન! પરન્તુ ભીખની દોણી કાણી! હું રાધા.

કદમ્બ ડાળે, યમુના નીરે, ચીર હરે વનમાળી,
પીતાંબરની પત શી? જાણે બીજો શુક બ્રહ્મચારી! હું રાધા.

વસુમાં બંસી! વાંસનો કટકો, મોરપિચ્છનું છોગું!
પાંદડે પોઢણ! શી બલિહારી! બાલક બે ઘર–જોગું! હું રાધા.

ઠીક છે એ તો હું જ નિભાવું, જાણી બાલક ન્હાનું,
'અનામી'ની વગ, માત જશોદા, જીવતર પડિયું પ્હાનું! હું રાધા.

નંદકુંવર તો નટખટ નવનો, કરતો કાલાવાલા,
હું રાધા વૃષભાનદુલારી બાર વરસની બાલા. હું રાધા.

ડૉ. રણજિત પટેલ (અનામી)

# નામસ્મરણ

કમલ સુથાર

સ્મરણ એટલે યાદ, ઈષ્ટના નામની. પરમાત્માના નામની યાદ. પ્રભુના નામની યાદ. અનેક જન્મોના પુણ્ય પછી મનુષ્યનો જન્મ મળે છે. એટલે જ તો સંત કબીરદાસજી પણ કહે છે કે : "નહીં ઐસો જનમ બારંબાર."

મનુષ્ય શ્રેયની સાધના દ્વારા; પ્રભુ—નામના પરમ સ્મરણ દ્વારા, આત્મ સાક્ષાત્કાર, પરમાત્મ સાક્ષાત્કાર કરી શકે છે. મનુષ્ય પોતાનાં વ્યાવહારિક કાર્યો કરતાં કરતાં પણ જો પ્રભુનામસ્મરણ કરે તો અવશ્ય તેનો બેડો પાર થઈ જાય છે. ચિત્ત ઉપર જનમો-જનમથી અનેક પ્રકારના અનેક સંસ્કારો પડેલા હોય છે. એમાં સારા—નરસા બંને પ્રકારના સંસ્કારો હોય છે. પણ જો મનુષ્ય પ્રભુનામસ્મરણ કરે તો સંસ્કાર ક્ષય થતાં ચિત્ત પવિત્ર અને શુદ્ધ બને છે. અને જેમ શુદ્ધ શાન્ત જળમાં પ્રતિબિંબ સ્પષ્ટ દેખાય તેમ મનુષ્યને પોતાના આત્મસ્વરૂપની ઝાંખી થાય છે. નામ—સ્મરણની નાવ વડે મનુષ્ય ભવસાગર તરી જાય છે.

કળિયુગમાં પ્રભુ—પ્રાપ્તિનો, આત્મસાક્ષાત્કારનો સૌથી સરળ ઉપાય છે પ્રભુનામસ્મરણ. ઈષ્ટનામસ્મરણ. પ્રભુનામસ્મરણથી મીરાંબાઈ શ્રીકૃષ્ણમય બની ગઈ હતી. સંસારના હળાહળ વિષને પણ પ્રભુનામસ્મરણથી અમૃત બનાવી શકી હતી. ભક્ત તુકારામ. પ્રભુ—વિઠ્ઠલના નામસ્મરણથી પ્રભુને પામ્યા હતા. શ્રીચૈતન્ય મહા-પ્રભુ શ્રીકૃષ્ણના સ્મરણથી ભવસાગર તરી ગયા. શ્રીરામનામ-સ્મરણથી જ મહાવીર હનુમાનજી સમુદ્રને ઓળંગી શક્યા ને



ભગીરથ કાર્યો કરી શક્યા. પ્રભુનામસ્મરણમાં અમોઘ—દિવ્ય—શક્તિ છે. જેના આધારે મનુષ્ય પોતાના જીવનને સાર્થક કરી શકે છે ને પરનિંદાથી મુક્ત બને છે. એનું ચિત્ત પવિત્ર ને શુદ્ધ બને છે. ને મન દિવ્ય ને શાન્ત બને છે. એનાથી મનુષ્યમાં પરમ વિવેક—શક્તિ ખીલે છે. હૃદય કોમળ બને છે. પ્રભુનામસ્મરણ એવું દિવ્ય સ્ફુલ્લિંગ છે કે જેના દિવ્ય પ્રકાશથી અજ્ઞાનરૂપી અંધકાર દૂર થઈ જાય છે. અને જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાય છે.

પ્રભુનામસ્મરણ કરવાથી હૃદયમાં દયા કરુણાનો વિકાસ થાય છે. મનુષ્ય નિર્ભય બને છે.

ભક્ત પ્રહ્લાદ પ્રભુનામસ્મરણ કરતો. આ જ નામસ્મરણથી એ પહાડ ઉપરથી ગબડાવવા છતાંય બચ્યો. ધખધખતા લોહ-સ્તંભને નિર્ભય બની ભેટયો. ને મૃત્યુના મુખમાંથી પણ આ દિવ્ય નામસ્મરણના સહારે બચ્યો. ને પ્રભુને પામ્યો. પ્રભુનામસ્મરણ મનુષ્યને પરમ નિર્ભય બનાવે છે. મૃત્યુનો મુકાબલો કરાવે છે. સર્વત્ર વિજયી બનાવે છે. પ્રભુનામસ્મરણ એવી દિવ્ય સંજીવની છે જે જીવનને અમર બનાવે છે. અમૃતમય બનાવે છે.

જેમ જેમ પ્રભુનામસ્મરણ વધે છે તેમ તેમ સંસારની માયાનો મોહ ઓગળે છે. અને સંસાર પ્રત્યેનો મોહ ઓગળતાં મન પ્રભુમાં, શાશ્વત ચૈતન્યમાં સ્થિર થાય છે. શાશ્વત ચૈતન્યમાં મન સ્થિર થતાં સંસારની ક્ષણ—ભંગુર—મૃગજળ પાછળની વ્યર્થ દોટ અટકી જાય છે. ને પરમ લક્ષ્યની પ્રાપ્તિ થાય છે. જીવન ધન્ય બને છે. પરમ શાન્તિ; પરમ આનંદ; પરમ તૃપ્તિનો પરમ અનુભવ થાય છે. કળિયુગમાં મોક્ષ—પ્રાપ્તિનું સહેલું ને સરળ સાધન પ્રભુનામસ્મરણ છે. એટલે જ તો પરમ અનુભવી સંત નાનક કહે છે : "નામ નશે મેં નાનકા બૂડે રહો દિન—રાત."

# * પુરાણી પ્રીત *

(રાગ : પ્રભાતિયાનો)

પ્રભુ ! તારે ને મારે, પ્રીત પુરાણી,
અજ્ઞાને ન દેખાણી રે. ...પ્રભુ૦

ભવોભવથી, ભટકી ભટકીને,
ઠોકર મેં ઘણી ખાધી રે.
કરવા આવ્યો, નફો કમાણી,
પણ, ખોટ ઘણી મેં ખાધી રે. ...પ્રભુ૦

પાળ પહેલાં ન બાંધી મેં તો,
વહી ગયાં સઘળાં પાણી રે.
જોબનિયું માયુચાલ્યું ગયું ને,
ઘડપણ આવ્યું દોડી રે. ...પ્રભુ૦

જીવન મારું એળે ગયું ને,
કમાયો નહિ કોડી રે.
માયા છોડી, પ્રભુને ભજી લે,
દુર્લભ કહે, કર જોડી રે. ...પ્રભુ૦

દુર્લભજી ભક્ત (સ્યાદલા)

O



# રામકથા

( ગતાંકથી ચાલુ ) **શ્રી યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

મંદોદરી રાવણના પગમાં પડી.

રાવણ એને થોડી વાર લગી જોઇ રહ્યો ને પછી ઉઠાડવાનો અભિનય કરતાં બોલ્યો : 'તારી આ પદ્ધતિ મને જરા પણ પસંદ નથી પડતી. તારું વર્તન ઘણું વિચિત્ર લાગે છે. મેં તને આજ સુધી કદી નિરાશ કરી છે ખરી? તારા પર મને સૌથી વધારે પ્રેમ છે. એ પ્રેમથી પ્રેરાઇને મેં તારી નાનીમોટી બધી જ ઇચ્છાઓ પૂરી કરી તને સંપૂર્ણપણે સંતુષ્ટ ને સુખી કરવાનો પ્રયાસ કર્યો છે. તને ભુલેચૂકે પણ દુઃખી નથી થવા દીધી. પરંતુ તારી આ માગણીનો સ્વીકાર મારાથી નહિ કરી શકાય. સીતાને માટે જેમ રામને પ્રેમ છે, તેમ મને પણ પ્રેમ છે. એટલા માટે જ મેં એનું હરણ કર્યું છે. એને મારા શરીરમાં શ્વાસ હશે ત્યાં સુધી નહિ છોડી શકું, અને એના પર કોઇ જાતની બળજબરી પણ નહિ કરું.'

'એને હરી લાવીને તથા અશોકવાટિકામાં નજર કરીને એના પર બળજબરી જ કરવામાં આવી છે. એથી વધારે બળજબરી બીજી કઇ હોઇ શકે? રામના વિયોગની વ્યથામાં એ પ્રસન્નતાપૂર્વક ખાતી નથી, પીતી નથી, સુંદર વસ્રો અને અલંકારો નથી ધારણ કરતી, દિલ ખોલીને સુખપૂર્વક વાત નથી કરતી, તથા પર્યંક કે પથારીનો પરિત્યાગ કરીને પૃથ્વી પર સૂવા છતાં સુખેથી સૂઇ નથી શકતી. એનું અંતર આકુળ–વ્યાકુળ છે, એનું મન નીરસ અને શુષ્ક બની ગયું છે. તથા શરીર સૂકાઇ રહ્યું છે. ચકોરી જેવી રીતે ચંદ્રોદયની અપેક્ષા રાખે, ને ચાતક જેવી રીતે વરસાદી વાદળની પ્રતીક્ષા કરે, તેવી રીતે રામની સ્મૃતિ ને પ્રતીક્ષામાં એ જીવી રહી છે. એને દેખીને કોઇનાય દિલમાં દયા પેદા થાય તેમ છે. તમે એમાં અપવાદરૂપ ભલે હો, પરંતુ ચિંતા અને વેદનાના અતિરેકમાં જો સીતાનું શરીર શાંત થશે તો

તમને ભારેમાં ભારે દોષ લાગશે. એમના પાપનું પ્રાયશ્ચિત્ત પછી કોઈયે રીતે નહિ થઈ શકે.'

'પાપ ને પુણ્યના વધારે પડતા વિચારો હું નથી કરતો, મંદોદરી! હું તો મારા આત્માને વફાદાર રહીને મારું કર્તવ્ય જ કર્યે જાઉં છું.'

'તમારામાં આત્મા જેવું કાંઈ છે કે નહિ તેની મને શંકા છે.'

'સીતાને મુક્ત કરીને મારે આત્માનું એ અસ્તિત્વ સિદ્ધ નથી કરી બતાવવું. હું એવો મૂર્ખ નથી, જ્ઞાની છું.'

એવું કહીને રાવણ ચાલી નિકળ્યો.

## વિભીષણની સલાહ

રાવણને પ્રયાસ કરતો જોઈને મંદોદરીએ ઊંડો નિસાસો નાખ્યો.

એનું દિલ દુઃખી થયું.

વિશેષ દુઃખ તો એ વાતનું હતું કે એની આટઆટલી વિનવણી છતાં રાવણ અચળ રહ્યો, એનું મન ડગ્યું નહિ, સીતાનો વિચાર કરીને અનુકંપાથી યુક્ત બનીને લેશ પણ કહ્યું નહિ.

એની વિનવણી વ્યર્થ ગઈ એનો સીધો અર્થ એ જ કે સીતાની યાતના કાયમ રહી ને વધી ગઈ. સીતાની મુક્તિની કોઈયે આશા ના રહી. ચારે કોરે અંધારું—ઘોર અંધારું ફરી વળ્યું, અને પ્રકાશનું એકે કિરણ ના દેખાયું. એને કાંઈ સમજ ના પડી કે શું કરવું.

એક સમજુ સન્નારી તરીકે સીતાના દુઃખને દેખીને એના મૂક સાક્ષી બનીને બેસી રહેવું?

ના એ તો એની સાથે કરાતા અન્યાય અથવા અધર્મ અને અત્યાચારને પરોક્ષ રીતે, સીધી નહિ તો આડકતરી રીતે, મદદ કરી કહેવાય. એવું તો થઈ જ ના શકે. એને શાંતિ આપવા, સુધી કરવાને બંધનમાંથી છોડાવવા બનતું બધું જ કરી છૂટવું જોઈએ.

પરંતુ અત્યારના વિપરીત વાતાવરણમાં, આ તદ્દન પ્રતિકૂળ પરિસ્થિતિમાં, બીજું કરી શકાય પણ શું?



બધીયે આશા રાવણ પર નિર્ભર હતી. એના પર એની મીટ મંડાયેલી.

અને ઉંડે ઉંડે એવો વિશ્વાસ હતો કે રાવણ પોતાની પ્રેમયુક્ત પ્રાર્થનાની આગળ પીગળી જશે ને એના ભાવો, વિચારો તથા વર્તનમાં પરિવર્તન લાવશે. પરંતુ એ તો પર્વતની પેઠે અડગ છે. એ લેશ પણ નથી સમજે તેમ. એ તો પાપ ને પુણ્ય, દુર્ગુણ ને ગુણ, અધર્મને ધર્મ તથા દુષ્કર્મને સત્કર્મ સમજે છે! છતાંયે પોતાની જાતને જ્ઞાની ગણાવે છે!

જે જે પળ પસાર થાય છે તે સીતાને માટે યુગ જેવી જાય છે અને ઘાતક સાબિત થાય છે એ જોતાં કાંઈક તો કરવું જ જોઈએ.

મંદોદરીને ચારે તરફ અંધકાર દેખાયો.

ઉપર આકાશમાં સૂર્યની આજુબાજુ જેમ વાદળ ફરી વળેલાં તેમ ચિંતા ને વિપત્તિનાં વાદળ ચારે બાજું ફરી વળેલાં લાગ્યાં. એટલામાં વાદળ ધીરે ધીરે હઠવા માંડયાં ને પ્રકાશનાં કિરણ બહાર નિકળ્યાં. એ વખતે એના અંતરરૂપી આકાશમાં પણ એક પ્રકાશનું, આશાનું અને ઉત્સાહનું કિરણ રેલાયું.

એક સુંદર મધુમયી મુખાકૃતિ એની આંખ આગળ આવીને ઉભી રહી અને એને આશા બંધાઈ કે એની મદદ મેળવીને કોઈક રસ્તો કાઢી શકાશે.

એ મધુમયી મુખાકૃતિ કોની હતી?

બીજા કોઈની નહિ પરંતુ વિભીષણની—ધર્મપરાયણ વિભીષણની.

વિભીષણ રાવણનો ભાઈ હતો છતાં પણ સ્વભાવમાં અથવા આચાર—વિચારમાં રાવણથી જુદો જ તરી આવતો.

એની વૃત્તિ, દૃષ્ટિ ને ભાવના સાત્ત્વિક હોવાથી એ લંકાના લોકોને પણ પ્રિય હતો. એમના આદરભાવનો એ અધિકારી બનેલો.

રાવણ પોતે પણ કેટલીક અટપટી જેવી લાગતી વાતોમાં એની સલાહ લેતો તથા એની સલાહને મહત્ત્વની માનતો.

એ એના સઘળા ભાવો ને વિચારો સાથે સંમત ના થતો તોપણ એના પ્રત્યે અસીમ આદરભાવ રાખતો.

મંદોદરીને અત્યારે એકાએક એનું સ્મરણ થયું. એને થયું કે એ ધર્મપ્રાણ, પવિત્ર આચાર વિચારવાળા વિભીષણને સીતાની સઘળી હકીકત કહી બતાવવી અને એની સલાહ લઈને સીતાની મુક્તિ માટે બને તો કોઈ યોજના ઘડવી.

ગમે તેમ થાય પરંતુ સીતાને છોડાવીને રામની પાસે પહોંચતી કરવા માટે કાંઈક તો કરવું જ જોઈએ—અરે, શક્ય તેટલું બધું જ કરી છૂટવું જોઈએ.

મંદોદરીએ બીજે દિવસે વિભીષણને મળવા બોલાવ્યો.

વિભીષણે આવીને બેઠક લીધી એટલે મંદોદરીએ કહ્યું : 'તમને એક અગત્યના કામ માટે બોલાવ્યા છે. મારા મનને એક મોટી ચિંતા કોરી રહી છે. તેમાંથી કેવી રીતે મુક્તિ મેળવવી તેની સમજ મને નથી પડતી તે સંબંધી તમારી સલાહની અને તમારા માર્ગદર્શન કે તમારી મદદની આવશ્યકતા છે.'

'હું તો તમને સલાહ આપવા, માર્ગદર્શન પૂરું પાડવા કે મદદ કરવા હંમેશા તૈયાર જ છું.' વિભીષણે કહ્યું : 'તમારે મારી સલાહ કઈ બાબતમાં જોઈએ છે તે મને કહી બતાવો. તમને એવી કઈ ચિંતા કોરી રહી છે, જેમાંથી મુક્તિ મેળવવાનો માર્ગ તમને નથી દેખાતો?'

'રાવણે સીતાનું હરણ કર્યું છે અને એને અશોકવાટિકામાં રાખી છે તેની તો તમને ખબર છે ને?'

વિભીષણ વિચારમાં પડયો ને બોલ્યો : 'ના. હું તો એના વિશે કશું જ નથી જાણતો. સીતા મિથિલાના મહારાજા જનકની પુત્રી તથા અયોધ્યાપતિ રાજા દશરથના પુત્ર રામની પત્ની છે તેની તો મને ખબર છે. તમે જેની વાત કરો છો તે સીતા એ જ કે બીજી કોઈ? રાજા જનકે કરેલા એ સૌન્દર્યવતી સીતાના સ્વયંવરમાં રાવણ પણ ગયેલો, પરંતુ નાસીપાસ થયેલો. શૂર્પણખાએ આપેલા સમાચાર પ્રમાણે રામ પોતાના ભાઈ લક્ષ્મણ તથા સીતા સાથે પિતાના વચનપાલન ખાતર વનમાં આવ્યા છે તે દંડકારણ્યમાં પંચવટીમાં વાસ કરે છે. રાવણે એ જ રામપત્ની સીતાનું



હરણ કર્યું છે કે કોઈ બીજી સીતાનું?'

'રાવણ દ્વારા એ જ સીતાનું હરણ કરવામાં આવ્યું છે.'

'શું કહે છે? એ તો મહા ભયંકર અનર્થ થયો કહેવાય. રાવણને એવી સુંદરતા ને મંગલતાની મૂર્તિ જેવી, પવિત્ર પતિપરાયણા સીતાનં હરણ શા માટે કરવું પડયું? એણે એનું હરણ કેવી રીતે કર્યું? આ તો ઘણી અમંગલ વાત છે. મને એ વાતની ખબર જ ન હતી. રાવણ એને ક્યારે હરી લાવ્યો અને અશોકવાટિકામાં એને ક્યારે રાખી એ હકીકતથી હું અનભિજ્ઞ છું. મને લાગે છે કે શૂર્પણખાએ તે દિવસે એને ઉશ્કેરેલો એના પરિણામરૂપે જ એણે એ પગલું ભર્યું હોવું જોઈએ. પરંતુ એ પગલું ભારે ભૂલભરેલું જ છે.' વિભીષણે પોતાનું દુઃખ પ્રકટ કરતાં ને પોતાની અપાર વેદના ઠાલવતાં કહેવા માંડયું.

મંદોદરીએ કહ્યું : 'શૂર્પણખાની ઉશ્કેરણીના પરિણામરૂપે જ આ અન્યાયી, અધર્મમય, અમંગલ કામ કરવામાં આવ્યું છે.'

'પરંતુ રાવણે એકલે હાથે એ કામ કર્યું કેવી રીતે?'

'એમણે એ કામ એકલે હાથે નથી કર્યું, બીજાની મદદથી કર્યું છે.'

(ક્રમશઃ)

## સુવાક્ય

યુદ્ધ અને ગુનો કદી પણ સારું પરિણામ આપતાં નથી. સ્ફોટક પદાર્થોના ધુમાડા પાછળ જે અબજો ડોલરો વેડફાયા તેનાથી તો ગરીબી અને રોગથી સદંતર મુક્ત એવી એક સુંદર દુનિયા ઊભી કરી શકાઈ હોત. આજની દુનિયા જે ભય, અંધાધૂંધી, દુકાળ અને ભોગવિલાસથી પીડાય છે તેવા નહિ પણ શાંતિ, પ્રગતિ, આબાદી અને ઉત્તરોત્તર વૃદ્ધિગત થતા જ્ઞાનથી ભરપૂર એવી વિશાળ દુનિયા રચી શકાય.

# સાર – વચનો

કેટલાક લોકો દિવ્ય દર્શનની વાતો કરે છે. એ દર્શનોનાં વર્ણનો દૃશ્ય પ્રમાણે જુદાં પડે છે. સંમોહન વિદ્યાવાળા હિપ્નોટીસ્ટો પણ એવાં વિચિત્ર દૃશ્યો ખડાં કરે છે જેમને તમે જાદુવિદ્યા તથા હાથચાલાકીમાં ખપાવીને અવગણી કે વખોડી કાઢો છો. પરંતુ પેલાં પહેલાંનાં દર્શનોને દૈવી ગણાવો છો. એવો ભેદભાવ શા માટે? હકીકત તો એ છે કે મનમાંથી પ્રાદુર્ભાવ પામનારા કે ઇન્દ્રિયોથી અનુભવનારાં બધાં જ દૃશ્યો અનિત્ય ને મિથ્યા છે. સત્ય તો એ જ છે.

* * *

ધ્યાન એ કોઈ પણ નામ કે વિચારનું માનસિક રટણ વિના બીજું શું છે? એ માનસિક જપ છે જેનો આરંભ શબ્દોથી થાય છે અને અંતે આત્મામાં આવે છે. ધ્યાન અને મનનો નિગ્રહ બંને પરસ્પર આધાર રાખે છે. ધ્યાનમાં મનના નિગ્રહનો અથવા ભળતાં વિરોધી વિચારોની સામેની સૂક્ષ્મ જાગૃતિનો સમાવેશ થાય છે. શરૂઆતની દશામાં ખરેખરા ધ્યાન કરતાં મનના કાબૂને માટેના પ્રયત્નો વધારે કરવામાં આવે છે પરંતુ વખતના વિતવાની સાથે ધ્યાનનો વિજય થાય છે અને ધ્યાન કોઈ પણ પ્રકારના પ્રયત્ન સિવાય સહજ રીતે જ થવા માંડે છે.

## * પ્રાર્થના એ સાધના *

પ્રાર્થના એ આત્મના ઊર્ધ્વીકરણનું ગાન છે!
સંધાન પ્રભુ સાથે કરાવતી—પ્રાર્થના એ ધ્યાન છે!
વળી, વિપદ કે વ્યાધિ સમે પણ પ્રાર્થના ઉપચાર છે!
ચૈતન્ય પ્રત્યે વેદનાને રણઝણવતો તાર છે!

## * ભેદવિજ્ઞાન *

છે દેહ ને આત્મા તણી, જીવતર મહીં સંયોગતા,
પણ, જડ અને ચૈતન્યના ધર્મો વિશે છે ભિન્નતા!
આ ભેદના વિજ્ઞાનને—અભ્યાસથી આરાધતા,
જયવંત વર્તે છે જીવનમાં! સ્વયંસિદ્ધ સહજાત્મતા!

## * રાગદ્વેષ *

રાગ તેમ જ દ્વેષનું છે દ્વંદ્વ આ સંસારમાં!
રાગ, ઊલટો દ્વેષ છે—જે ડંખતો ઊંડાણમાં!
જીવતર મહીં કેમે કરી, આ દ્વંદ્વ નિર્મૂળ થાય ના!
અધ્યાત્મથી વર્ત્યા વિના, રૂપાન્તરે પલટાય ના!

— રતિલાલ ભાવસાર

ADHYATMA
Regd. No. GBV 113

# * ધ્યાનદ્વારા સ્વાનુભૂતિ *

પરમાત્માની ચેતના આપણા શરીરમાં આત્મારૂપે છે. તેને લીધે કાન સાંભળે છે, આંખ જુએ છે, વાણી બોલે છે ને હાથપગ હલનચલન આદિ કરે છે. આ પરમાત્મ ચેતના વિષે શાસ્ત્રોમાં આપણે વાંચ્યું, વિચાર્યું, શ્રવણ પણ કર્યું. પણ તે ચેતનાને હજુ આપણી અંદર અને બહાર અનુભવી શક્યા નહીં, તો આપણું જે જ્ઞાન હતું તે જ્ઞાન માત્ર સિદ્ધાંતનું રહ્યું, અનુભવનું નહિ.

તે જ્ઞાનને અનુભવગમ્ય બનાવવા માટે શાસ્ત્રકારો કહે છે કે યોગમાં પ્રવેશ કરવો જોઈએ. ધ્યાનનો આધાર લેવો જોઈએ, કારણ ધ્યાન જ એક એવી વસ્તુ છે, યોગ જ એવું એક સાધન છે, જેના દ્વારા આપણે આપણી અંદર રહેલી અને સર્વત્ર વ્યાપક એવી પરમાત્માની પરમ ચેતનાને પ્રત્યક્ષ રીતે અનુભવી શકીએ.

ધ્યાન વેદાંતને અનુભવાત્મક બનાવી દે છે. જે વેદાંત કેવળ વાણીનું હતું, જે કેવળ દિમાગનું હતું, તે જ વેદાંતને પળેપળનું કરી દે, ક્ષણેક્ષણનું કરી દે અને સર્વાવસ્થામાં, સર્વ સ્થળે, અનુભવ કરવાનો વિષય બનાવી દે, તો જ માનવનું એક વિરાટ સંપૂર્ણ આદર્શ વ્યક્તિત્વ નિર્માણ કરી શકાય.

શ્રી યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧.